આપણા વ્યવહારિક રિવાજો

અને

કરવા જોઈતા સુધારા.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ભીમભાઈ લાલભાઈ દેશાઈ.

મુ૦ દેલાડવા. વાયા મરોલી

રેખ પ્રમાણે વર્તનાર જ્ઞાતિના સુજ્ઞ ભાઈ અને બ્હેનોને

પ્રેમપૂર્વક અર્પણ

આપણા વ્યવહારિક રિવાજો અને કરવા જોઈતા સુધારા.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ભીમભાઇ લાલભાઈ દેશાઈ.

મુ૦ દેલાડવા. વાયા સચીન.

ખ પ્રમાણે વર્તનાર જ્ઞાતિના સુજ્ઞ ભાઈ અને બ્હેનોને પ્રેમપૂર્વક અર્પણ

સુરત, બરાનપુરી ભાગળ ઉપર આવેલા શ્રી અનાવિલ પ્રિન્ટીંગ પ્રેસમા રઘુભાઇ લલ્લુભાઇ દેશાઇએ છાપી

પ્રસ્તાવના.

આ લેખ અનવિલ પોકારમા છાપવા સારૂ તત્રીજીના ઉપર મોકલવામા આવ્યો હતો પણ લેખ ઘણો લાબો થવાથી એક માસમા આવી શકે નહિ તેથજ પોકાર માસીક હોવાથી લેખનો સબધ બીજા માસ સુધીમા તૂટી જવાના સબબે એક જુદોજ પુસ્તક રૂપે છપાવવાનો વિચાર હોવાથી પાછો મગાવી પુસ્તક રૂપે બહાર પાડવામા આવ્યો છે અનાવિલ પોકારના ઘરાકોને ભેટ તરીકે મોકલવા પોકારના તત્રીએ ભલામણ કરી છે આ લેખ માત્ર હાલના મોઘવારીના સમયે જ્યારે દરેક કુટુબના અગ્રેસરો ખર્ચને પુગી વળવા જાતજાતના પ્રયત્ન કરી રહ્યા છે તેવે પ્રસગે જ્ઞાતિના કઢગા અને ખરચાળ ખર્ચોમા કાપ મુકવાની આવશ્યકતા ધ્યાનમા લઇ સૂચનાઓ રૂપે બહાર પાડવા જરૂર થઇ છે વાકડો લેનાર અગર કકુને કન્યા આપનાર અગર બીજી કોઇ પણ રીતે વર કન્યાના લગ્ન જોડનાર જ્ઞાતિના કોઇ પણ ગૃહસ્થો અને સન્નારીઓને લગ્ન જેવા શુભ પ્રસગોને શોભા આપે એવી સૂચનાઓ લેખમા કરવામા આવી છે આ લેખ વાચીને કદાચ ટીકાઓ પણ બખડજત થશે તેની ચીન્તા નહિ રાખતા લેખકે પોતાના અતઃકરણના વિચારો વિચારશીલ જ્ઞાતિ બન્ધુ અને બ્હેનો આગળ મુકવા ઉત્કઠા દર્શાવેલી છે ટીકા કરનારાઓ પણ મારા જ્ઞાતિ બન્ધુઓ અને બ્હેનોજ હોવાથી મારા મનને ક્ષોભ થશે નહિ આ સુચનાઓ માત્ર માર્ગદર્શક ગણીને થોડા પણ વધારા ઘટાડા સાથે અમલમા મુકવા કોઇ પણ જ્ઞાતિ બન્ધુ અગર બ્હેનો પ્રયત્ન કરશે તો લેખ લખવાનો હેતુ થોડે ઘણે

અંગે ફળીભૂત થએલો ગણાશે. આપણી જ્ઞાતિમાં હાલના સુધરેલા સમયમાં બહારનો ડોળ ઘણોજ વધી પડ્યો છે અને તેથી સત્ય છુપાઇ રહ્યું છે આથી આપણી અધોગતિ દિવસે દિવસે વધતી જાય છે માટે જે સ્થિતિ આપણી હોય તેવીજ સ્થિતિ બહાર દેખાડવા પ્રયત્ન કરવાની જરૂર છે આપણી આગલી મહેનત હતી કે ' પાઇ મુકી લાખની ' પણ હવે મુડી બાંધેલી રહેતી નથી મતલબ કે રોજગાર, નોકરી વગેરેના ધંધાની પેદાશો અને ખરચના આંકડાઓ ગણતરીને લઇ ખુલ્લા થઇ ગયા છે એટલે હવે તો વધારાને બચાવવાની અને ખરચો ઓછા કરવાની હાલના સમયે ઘણીજ અગત્ય છે અને તે અગત્યજ આ લેખમાં નમ્ર ઉપકારી લેખ લખ્યો છે

લી૦ સેવક,

ભીમભાઇ લાલભાઇ.

થોડાક વર્તનમા મુકવા યોગ્ય વાકયો.

૧ જ્યા પ્રેમ છે ત્યા પ્રભુ વસે છે

૨ નમનતાઈનુ નીચાણુ કબુલ કરવાથી મોટાઇના ઉચાણુ ઉપર જવાય છે

૩ સત્ય એજ શ્રેષ્ટ ધર્મ છે

૪ શ્રીકૃષ્ણ ગીતાજીમા કહે છે કે પોતાનો ધર્મ જેવો હોય તેવો આચરવો પણ પારકો ધર્મ ભય ભરેલો છે (ધર્મ એટલે ફરજ) વ્યવહારમા પણ આપણી સ્થિતિ અનુસાર આપણી આવક જોઈ ખર્ચ કરવો બીજાના તરફ નજર કરી ખર્ચના જના ભયમા આવી પડીએ છીએ

૫ સતોષ સર્વ સુખનુ મૂળ છે

૬ તૃષ્ણા દુખનુ કારણ છે

૭ જાત મેહેનતથી મેળવેનુ ધન એજ ખરી કમાઇનો પૈસા છે

૮ પા કી આશ સદા નિરાશ

૯ કરકસરથી મેળવેનુ ધન નવુ પેદા કર્યા બરાબર છે

૧૦ અદર હો તો તેના કરતા બહાર સારા દેખાવા પ્રયત્ન કરશો નહિ

૧૧ ભપકાદાર લુગડા, ઘરેણા પહેરી કોઇની નજર ખેચાય તેવો દેખાવ કરવા કરતા સાદાઇથી ઉચા સદ્ગુણો વડે શોભાયમાન દેખવા પ્રયત્ન કરવો

આપણા વ્યવહારીક રીવાજો અને તેમાં કરવા જોઈતા સુધારા.

મીલ્કતોની વહેંચણી.

આપણી જ્ઞાતિમા મીલ્કતોની વહેંચણીના નિયમથી ઘણા કુટુંબો ગરીબાઈ ભોગવતા થઇ ગયા છે સ્થાવર મીલ્કત જેવી કે ઘર જમીન અને વતનમા એક બાપને જેટલા છોકરા હોય તેટલાને સરખે ભાગે મીલ્કતોની વહેંચણી કરવાથી વશની વૃદ્ધી થતા મીલ્કતના નાના ભાગ રહી જાય છે અગર મીલ્કત નાની થઇ જવાથી નાશ થઇ જાય છે આવા દાખલા સાથે સમજાવવી ઠીક પડશે ધારોકે એક ગૃહસ્થને ૪ છોકરા હોય છે અને મીલ્કતમા ઘર ગાળા બે ગજ ૧૨ તથા જમીન વિઘા ૬૦ તથા દેસાઇગીરીના અગર બીજા વતનના રૂા ૨૦) મળતા હોય આ વખતે આ ગૃહસ્થ સારી મીલ્કત ધરાવનારો ગણી શકાય અને કુટુંબમા આવતા ખરચો પણ ચલવી શકતો હોય અને પોતાના કુટુંબનુ ગુજરાન, અને ચાકર નોકરનુ ગુજરાન પણ સારી રીતે કરી શકતો હોય છે આ પ્રમાણે વખત જતા છોકરા મોટા થઇ મીલ્કતની વહેંચણી કરવાની તૈયારી કરવા માંડે છે એટલે દરેક છોકરાને ભાગે ઘર ગજ ૩ જમીન વીઘા ૧૫ અને વતન રૂા ૫) આવે છે એટલે એ છોકરાના કુટુંબ તથા બીજા સત્રગા ખરચો નિભાવવા ભારે થઇ પડે છે હાલની અતિશય મોંઘવારીને લીધે નવો બીજુ ઘર બંધાવી શકે કે નતો જમીન અગર વતન લઇ શકે એટલે બાપો આપ ગરીબાઈને આમંત્રણ થયુ કહેવાય અને એ છોકરાને બીજા બે કે ત્રણ છોકરા થતા ભાગ વહેંચાય તો મીલ્કત બીજા ભાગીદારોને

ખડી આપવી પડે કેમકે એટલાથી પોષણ ચલાવી શકાય નહિ જેથી વેચી નાખી મીલકત વગરના થઈ બીજા ગમે તે ધંધા કરવા પડે કેટલાક વતનો આ પ્રમાણે ભાગીદારીને લઈ છેક નાની રકમ થઈ જતા કાંતો ખાલસા થઈ જાય છે, અગર વીશ પટ લઈ સરકારને આપી દેવા પડે છે એટલે વતનદારી જતી રહે છે નાના ભાગો ઘરમા થવાથી આખરે ઘર વગરના થવુ પડે છે અને એમાથી જે ભાગીદારો સારી સ્થિતિમા હોય તેને બીજાના ભાગને લઈને હેરાન થવુ પડે છે અને આખરે એ ભાગીદારોના વરસો પછી ભાગી નાશ થઈ જાય છે હુ ધારૂ છુ કે અસલના મજબૂત સાહુકારીના ઘણા ઘરો દરેક ગામમા ભાગીદારીને લઈ નાશ પામેલા દરેકના જોવામા આવ્યા હશે હવે ખેતીની જમીનના પણ ટુકડા થઈ જાય છે અને તે ટુકડાઓ ઉપર બળદની જોડ, દુબળા કે ચાકરો નીભી શકતા નથી આ રીતે જાગીરદારીના વિભજન લઈ આપણી જ્ઞાતિમા ઘણુ નુકસાન થએલુ જોવામા આવે છે

થતા નુકસાનના ઉપાય.

એક ગૃહસ્થને ચાર છોકરા હોય તો ઉપરની મીલ્કત વડીલ છોકરાને સોંપવી અને નાના બીજા ત્રણ રહ્યા તેમણે કાંતો કેળવણી લેવી અગર દેશ કે પરદેશમા વેપાર અગર ઉદ્યોગ હુન્નરથી કમાણી કરવા પર લક્ષ રાખવુ અને સ્વતંત્રતાથી બાજી મીલ્કતો મેળવવી પરંતુ દરેક રીતે કમાણી કરતા જેટલો સમય જોઈએ તેટલા સમય સુધીનો તમામ ખર્ચ અગર તેના કુટુંબનો ખર્ચ તે ગૃહસ્થની મીલ્કતમાથી નાના ત્રણેને આપવાની જરૂરીઆત રહે છે આ પ્રમાણે તમામ રાજ્યોના પણ ભાગ અને વડીલ છોકરાને ગાદી મળે છે.

બીજાઓને ગાદીની ત્રીજોરીમાથી પેન્સનો અપાય છે છોકરાઓ સમજે છે કે મને ગાદી મળવાની નથી તેથી તેઓ કોઈ પણ રીતે કમાણી કરી સ્વતત્ર થવાની તજવીજમા રહે છે અને રાજ્યો વશપરપરા સલામત રહે છે. આ પ્રમાણે મીલ્કતોની વહેચણી નહિ થવાથી તે મીલ્કતો કાયમ રહે છે અને પાયમાલ થતા બચી જાય છે તેમજ બીજા નાનાઓ સારી રીતે કમાણી કરવા મહેનત કરવાથી સારા કુટુબોમા વધારો થઇ જ્ઞાતિની આર્થિક સ્થિતિ સુધરતી જાય છે અને એમ કરવા કરતા હાલ જે મીલ્કતો ભાગીદારોને લઇ વેચણ ક ગીરો મુકવી પડે છે તેમ થશે નહિ માટે આ શૂચનાઓનો અમલ કરવા ધ્યાનમા લેવાનો ખાસ જરૂર છે આ નિયમને લઇ કદાચ નાના છોકરાઓને મારૂ લખાણ આરોગ્ય લાગશે પણ સારી રીતે વિચાર અને અનુભવ કરવા એમને જણશે કે નાની મીલ્કતમા ભાગીદારી મેળવવાની આશાએ જીદગીભર ગમેમાઇ વહોરી લેવી પડે છે તેના કરતા આપ કમાઇની ગાજી મીલ્કતો એના કરતા વધારે પ્રમાણમા ખરીદનાની હામત આવે છે આટલુ વિવેચન જરૂરનુ હોવાથી તે લખ્યા પછી હવે હુ જ્ઞાતિના હાનિ કારક રીવાજો અને તેમા સુધારા કરવા માટે કેટલીએક સુચનાઓ નીચે આપવા ધારૂ છુ

પ્રારભના બે બોલ.

કેટલાક સમય થયા હુ અનાવિલ પોકાર વાચુ છુ અને તેમા જ્ઞાતિ સબધના જે લેખો આવે છે તે સવળા જોતા માત્ર જાતિના રિવાજોની ટકોર અને મશ્કરી કરવાથી તમારો પોકાર અમારા મોટાઇ અને દાંભિક મોહજાળમા ફસાએલા કાનો બ્હેર મારી ગએલા હોવાથી સાભળી શકતા નથી જેવા કે " મોહન રાયનુ લીલામ " આવો

પોકાર નાના જુવાનીઆ અને અંગ્રેજી ભણેલા હાલના સુધારાવાળા ઓથી ચલાવાય છે માટે પોકાર હાથમા આવતાજ તેને દૂર મુકવામા આવે છે અગર ટપાલી નાખી જાય છે તો ત્યાંજ પડી રહે છે ગપ્પા મારવા આગળ પોકાર વાચવાની અમને ફુરસદ નથી તો પછી ગમે તેવા જ્ઞાતિ સુધારણાના અને સારી કલમથી લખાએલા ફાયદાવાળા અને અમલમા મૂકવા જેવા લેખો અંદર હોય તેની પરવા કોણ કરે છે ? માટે એ પોકારમા જ્ઞાતિની ખરી લાગણીથી અને મક્કમ વિચારથી વર કન્યાવાળા ઉભયને લાભકારક હોય એવા લેખો છાપવામા આવે તો જરૂર કાંઇક ફાયદો થવા સંભવ છે

સુધારામાટે થએલા પ્રયત્નો.

આપણી જ્ઞાતિના સુધારા માટે અગાઉ સંવત ૧૯૨૪ મા કાલીઆવાડી મુકામે ઠરાવો થયા હતા ત્યાર પછી ગણદેવીવાળા રા, હરરાય દેસાઇએ લોકોને એકઠા કરી ત્રણ દિવસ સુધી દુધ પુરી જમાડયા હતા અને સુધારાના જે ઠરાવો થયા હતા તે કાગળ પરજ રહ્યા હતા ત્યાર પછી પણ એ દિશામા પુષ્કળ પ્રયત્નો થયા હતા અબ્રામા, વરીઆવ સુરત વગેરે ગામના ગૃહસ્થોએ સદ્ધર્મ સમાજ સ્થાપી વાડો બાંધ્યો હતો તે પણ કાળને વશ થઈ તૂટી ગયો, વળી કોશમાડા, વવ, દેહેલાડવા, મરોલી, તલંગપોર વગેરે ગામના લોકોએ બંદોબસ્ત કરી ઠરાવો પસાર કર્યા હતા વળી હાલમા પણ ચાલુ માસમા સુરતમા સમાજના ગૃહસ્થો એકઠા થઇ દેશાઇ ભાટેલા એક થવા જોઇએ, પુનર્લગ્નની છુટ આપવી જોઇએ, વગેરે લાંબા લાંબા ભાષણો દ્વારા કેળવણી પામેલા ગૃહસ્થોએ હૃદયને ઘા વાગે એવા શબ્દોદ્વારા જ્ઞાતિ સુધારણા માટે પ્રયત્નો કેવા કરવા તેને માટે વિચારો

કરી જુદા પડયા હતા આ વગેરે ઘણા ઘણા પ્રયત્નો થવા છતા જ્ઞાતિ આગળ ને આગળ વગર સેનાપતિએ ફાયદાના ઉલવનો કરી ચાલતી જાય છે, અને એને માટે અનાવિલ હિતેચ્છુ, માસિક પ્રયત્ન કરીજ રહ્યુ છે ત્યાર પછી પણ જ્ઞાતિ સુધારણા માટે બીજા માસીકો નીકળ્યા હતા અને હવે તમારૂ પોકાર નીકળ્યુ છે એ પોકારનો ઘાંટો બેશી જશે, ત્યા સુધી પોકાર કરશે પણ પછી બોલવાનુ બધ થાય, એટલી શકિત જતી રહે તો પણ અમને એની દયા આવે એમ નથી કેમકે મોટાઇ અને આડબરમા તેમજ સત્યને છુપાવી અસત્યનો ડોળ લોકોમા બતાવવાની અમારી ભોળપણાને લઇ ખરાબ ટેવો પડી ગઇ છે એટલે અમને સારૂ અને ફાયદા ભરેલુ કાર્ય દેખાતુ નથી અમને કોઇ લેખથી, ભાષણથી, અગર વાતચીતથી સમજાવવા પ્રયત્ન કરે તો પણ અમારા અતરમા ઉતરતુ નથી, એટલે અમે લાચાર બની આગળ મનસ્વી તરગે પાણીમા વહેતા તણખલાની માફક ઘસડાયા જઇએ છીએ.

સુધારાનો અગત્યનો સમય.

હાલ યુરોપના મહાન યુદ્ધ પછી સખ્તમા સખ્ત મોઘવારી ઘર વપરાસની દરેક ચીજોની થઇ ગઇ છે અને ગરીબ તો શુ ? પણ મોટા પૈસાદાર રાજા રજવાડાઓને એ મોઘવારીએ સપડાવ્યા છે તેવા વખતમા દરેક જ્ઞાતિ તેમજ દરેક ગૃહસ્થ પોતાના કુટુબના ચાલુ નિર્વાહને હાનિ ન પહોચે એ પ્રમાણેની યોજના કરવાને બધાએલો છે તો પછી છોકરા, છોકરી પરણાવવા, જનોઇ આપવુ, અશુભ અવસરોના ખરચો કરવા, વગેરે ખરચો અને રીવાજોમા થોડો થોડો કાપ મુકવા પ્રયત્ન થવાની ઘણીજ જરૂર છે

નામદાર બ્રીટીશ જેવી મહાન સરકારે પણ પોતાનુ રાજ્ય ચલાવવા માટે કરકસર કમીટી નીમી દરેક ખાતામા કરકસર કરવા માંડી છે તો આપણી જ્ઞાતિ અને ગૃહ રાજ્યમા શુ કસર કરી ખરચો કરવાની થોડી અગત્ય છે ?

આપણી જ્ઞાતિના ઉડાઉ ખરચોને લઇ સેકડો જુવાનીઆઓ રંગુન, મોરીસ, આફ્રિકા, મોમ્બાસા, એબીસીનીઆ, નાટાલ તેમજ હિંદના દુરના ભાગોમા પોતાના સગાવહાલાઓથી છુટા પડી, અનેક દુખો વેઠે છે વળી કેટલાક સરકારી નોકરી કરી, અગર વકીલ ડાક્ટર, વગેરે બની માડ માડ વ્યવહાર ચલાવી રહ્યા છે, વળી જ્ઞાતિનો મોટો ભાગ ખેતી કરી કુટુબનુ ગુજરાન ચલાવી રહ્યા છે, આ પ્રમાણે જ્યારે પુષ્કળ પ્રયત્નો કરી નિર્વાહ ચલાવી શકાય એટલુ પેદા કરી શકે તો પછી વ્યવહારના આવી પડતા સામટા ખરચોના બોજા ઉપાડવા નોકરોને પગાર ઉપરાંત કમાણી કરવાની જરૂર પડે, વેપારીએને દગાફટકા કરવાની, વ્યાજના પૈસા ઉચાપત કરવાની અને માલમા ભેળસેળ કરી વધારે પેદા કરવાની જરૂર પડે, મોટાને અધર્મ કરી મજુરીના ઓછા પૈસા આપી મજુરોને દુખ દેવુ પડે, જાનવરોને ઓછુ ખાવાનુ આપી વૈતરુ લેવુ પડે ઘરમા પણ બચ્ચા છોકરા અને નોકર ચાકરોની દરરોજની જરૂરીઆતમા કાપ મૂકવા પડે તનદુરસ્તી સચવાય એવો ખોરાક અને કપડા, તથા કેળવણી આપવાના કામમા ભારે કસર કરવી પડે છે, જે થોડા ઉપર પ્રમાણેના કંઇ પણ ધંધા કરતા ન હોય તેમને પોતાના બાપદાદાની ભાગે આવેલી જમીન અગર વતન વેચવા પડે, એટલે પોતે દુખી થઇ પોતાના બચ્ચાઓને પણ દુખનો વારસો આપી જવો પડે, આ રીતે દર વરસે જ્ઞાતિના કુટુબોની ગરીબાઇ વધતીજ જાય છે તો પછી પોકાર જેવુ માસીક

કલમના ગોળાથી પોકાર ઉઠાવે અગર એકાદ બે દિવસ એકઠા મળી વ્યાખ્યાનોના પ્રવાહથી સ્થળ ગજવી મુકે તેથી સુધારા થઇ જવાની આશા રાખવી ફોકટ છે

ઇશ્વરનો ન્યાય તુલના શકતી.

કર્મ, સંજોગ, અને છેવટ ફળ આ ત્રણ બાબત આખા બ્રહ્માંડમા ઓતપોત રહેલો છે પત્થર, વનસ્પતિ જનાવર મનુષ્ય અને દેવકોટી તેમજ આખા જગતમા આ નિયમ પસરી રહેલા છે એના પંજામાથી કોઇપણ વસ્તુ છુટી નાઠેલ નથી આ નિયમને અનુસરી જે જે રચના થાય તે ફળી ભૂત થવાના અને એની વિરૂદ્ધના મનુષ્યના સ્વાર્થી અને દાંભિ, તેમજ મનોકલ્પીત સુધારાઓ નિષ્ફળ જવાના એમા જરાપણ શંસય નથી, ઇશ્વર સર્વ વ્યાપક છે સર્વજ્ઞ છે, સર્વ શક્તિમાન છે તો પછી એને ઠગીને પ્રપંચથી અંદર કાંઇ અને બહાર કાંઇ એ રીતના જરા જીવાત્મ ઠગાતો નથી શુ ? ઇશ્વર ઠગાય એમ નથી એ સત્ય જાણી અને જોઇ રહે છે આવા સર્વ વ્યાપક ઇશ્વરને તરછોડી જીવાત્મા મોહ જાળમા ફસાઇ ખોટી સ્વતંત્રતા પ્રાપ્ત કરવા અનેક યુક્તિ પ્રયુક્તિઓ શોધતો આખો દિવસ રખડી રખડી ધન મેળવવા ફાંફા મારી રાત્રીએ વિરમે છે વળી સવારમા ઉઠી પ્રપંચ શરૂ કરી કોઇને ઠગી, કોઇને કાંઇ સમજાવી ગમે તેમ દિવસ પસાર કરી મોજ ભોગવે છે આ મોનેરી ગણીના ઠગો નહિ તો બીજી શુ ? સ્વાશ્રયથી અને સત્યતાથી ખરા પરસેવાના પૈસા પેદા કરવા એમાંજ પ્રભુતા રહેલી છે અને એવાજ જીવાત્મા પ્રભુની પાસે છે બીજા સઘળાઓ પ્રભુથી ઘણાજ દુર હોવાને લીધે અંધ બનેલા છે અને રેશમના કીડાની માફક માયારૂપી કોશેટો પોતાની આસપાસ બાંધી એમાજ મરે છે અને પુનર્જન્મના

ચક્રમા ફર્યા કરે છે

હવે હુ આપણા વ્યવહારની બાબતો પર આવી તે પર મારી મતિ અનુસાર બે બોલ લખવા માગુ છુ હુ બહુ મોટો માણસ જ્ઞાતિમા નથી મારૂ ગુજરાન માડ માડ ખેતી કરી નિભાવવા પ્રયત્ન કરૂ છુ જ્ઞાતિમા ઘણા મોટા માણસો, વતનદારો, જાગીરદારો, વેપારીઓ, મોટા પગારના નોકરો, સારા ભણેલાઓ વગેરે ગૃહસ્થો મોટા પ્રમાણમા રહેલા છે આધ્યાત્મિક બાબતના અભ્યાસવાળાઓ પણ ઘણા છે તો પછી આવી મોટી ૫૦ કે ૬૦ હજારની વસ્તીવાળી જ્ઞાતિમા મારા જેવો અલ્પ જીવ હાથી અને કીડીના જેટલા તફાવત વાળો છે એટલે જ્ઞાતિ સુધારણા અગર વ્યવહારની બાબતમા કઇ પણ લખુ એ હીસાબ વગરનુ અને અભિમાનયુક્ત હોય એમ મને જણાય છે તો પણ સ્વતંત્રતાના હાલના પ્રવાહમા જ્યા સ્ત્રીઓની જીવાત્મા તરીકે ગણના થઇ પોતાના વિચારો બહાર મુકવાની છુટ આપવામા આવે છે કે, ભગી જેવા જીવાત્મા અને દુબળા, ચોધરા ઢોડીઆ જેવા જીવાત્માની મદદમા ઉભા રહી તેમના વિચાર સ્વતંત્ર ને છુટથી બહાર પાડવામા મદદ કરવામા આવે તો પછી હું પણ એક જ્ઞાતિનો જીવાત્મા છુ અને તેને લઇ મારા અંતરના વિચાર બુદ્ધિ અનુસાર બહાર મુકવાની ઇચ્છા રાખુ એ અયોગ્ય નહિ ગણાય એમ વિચારીને આ લેખ લખવામા આવ્યો છે યોગ્ય જણાય તો અમલમા મુકવા મહેરબાની કરશો

હાલના સમયમા ક્લબે, અને કમિટિઓ વગેરે પુષ્કળ મડળો દરરોજ નવા નવા ઉભા થતા જાય છે દરેક ન્યાતોની પરિષદો ભરાય છે સુધારા સુચવાય છે અમલમા કેટલા મુકાય છે તે તો ઇશ્વરને

ખમર, પણ જ્યાં ત્યા ઉડા ઉડ અને તરેહ જમાનો કરી રહ્યો છે નવા યુગની નવી પ્રજા કંઇ નવુ નવુ કરવાના. વિચારમા ઉછળતી જણાય છે કંઇને કંઇ કરી નાખીએ એવા ઉમળકામા આવી જાય છે અને ઠામ ઠામ મનાઓ ભરી વ્યાખ્યાનો અપાય છે આવી સામાજીક રાજકીય અને ધાર્મીક તેમજ આર્થીક સુધારાઓની મીટીંગો ભરાય છે અને સેકડો માઇલથી ગૃહસ્થો હજારોના ખર્ચે આવી સભાઓમા બે ત્રણ દિવસ દાખલ થઇ ચાલ્યા જાય છે પછી કંઇજ નહિ એજ પ્રમાણે જ્ઞાતિ સુધારા માટેના પણ પ્રયત્નો ચાલુજ છે આ કાર્ય સ્તુત્ય છે અને એમાથીજ પરીણામ સારૂ આવવાની આશા રહે છે આ પ્રમાણે જ્યારે દુનિયાના દરેક દેશમા વાતાવરણ ચાલી રહ્યુ છે ત્યારે એમ પણ ખાત્રી થાય છે કે આવી ચળવળ પ્રભુ પોતેજ ચલાવી રહયો છે અને તેની પ્રેરણાથીજ અગ્રેસરો કામ કરી રહ્યા છે જેટલા પ્રમાણમા એ અગ્રેસરો પ્રેરણા લેવાને શકિતવાન થાય તેટલા પ્રમાણમા તે તે કાર્યમા તે તે અગ્રેસરો સફળ થાય છે અને કર્મનો નિયમ સચવાય છે

આ પ્રમાણે હકીગતો હોવાથી એક બે દિવસ મહિના કે વર્ષમા સુધારા થઇ શકતા નથી સતત પ્રયત્ન કરવાથી અને ચોકખા અંતઃકરણથી મડયા રહે તોજ કાઇ ફળ સાધી શકાય છે માટેજ પોકારને કટાળી જઇ બંધ પડવા દેશો નહિ ગમે તે ભોગે પણ ચલાવવા દ્રઢ પ્રતિજ્ઞા કરજો અને ચાલુ રાખજો

વાન્ડો લેનાર અને આપનાર વ્યકિતઓ તેમજ બીજી કોઇપણ રીતે વર કન્યાના લગ્ન જોડનાર માટેજ મારી શુચનાઓ લખવા ઇરદો છે પરંતુ કંકુ અને કન્યા આપનાર અને લનાર સદ્ગૃહસ્થો

જ્ઞાતિમા ખરેખરા માનને પાત્ર છે પણ વગા કન્યા વિક્રય કરનાર એટલે કન્યા આપી તેના બદલામા પૈસા લેનાર પછી તે થોડા કે ઘણાજ હોય તો પણ કન્યા વેચનાર તરીકે ઘણોજ અધમ અવસ્થાને લાયક ગણાય છે

કન્યાને પોતાના ઘરમા પોતાની પુત્રવધુ તરીકે લાવી પોતાની ગૃહસ્થાશ્રમનુ શિક્ષણ આપી એક દેવી સમાન સન્માન કરનાર ગૃહસ્થનુ ઘર દેવેનુ ધામ ગણાય છે પોતાના કુળને તારનાર પુત્ર અગર પુત્રી પેદા કરનાર વંશની વૃદ્ધી કરનાર ગૃહ દેવી એ ભવિષ્યની માતા થવાની છે અને ઇશ્વરી યોજનાને અમલમા મુકનાર બીજ તરીકેની એ પુત્રવધુ છે એમ આપનાર અને લેનાર બેઉ જણે સમજી એનુ લગ્ન શાસ્ત્રવિધી પ્રમાણે કોઇ વેદ સપન્ન બ્રાહ્મણો પાસે કરાવવા ખાસ કાળજી રાખવાની બેઉ પક્ષ ને ઉત્તમ પ્રકારની જરૂરીઆત છે એ ચોક્કસ છે

વાકડા લેનાર વર શોધવાની બાબતમા થોડીક સુચના જરૂરની જણાય છે હાલમા વરવાળા તરફથી કન્યા જોવાનો રીવાજ અધમ પ્રકારનો થઇ પડયો છે આપણી જ્ઞાતિનો મોટો ભાગ ગામડામા રહેનારો અને ખેતીનો ધંધો કરનારો છે ગામડાના હવા પાણી ખોરાક અને કામને લઇ સઘળા પ્રકારની તનદુરસ્તીવાળી મજબુત બાંધાની કન્યાઓ હોય છે પણ જગ નગમા ગ્યામ જણાય છે શહેર અને કસ્બામા ઉપરના અભાવે તેમજ નોકરીના ધંધાઓની કન્યાઓ કેળવણી પામેલા પણ સફેત વર્ણની જરા સુધાળાળી ગુ કમતાકાત હોય છે આવી કન્યાને પહેલી પસદગી કરવામા આવે છે કન્યા આ પ્રકારની અને વર ગામડાના ખેડુતનો દીકરો તેમજ વર સારો અને કન્યા ખેડુતની

દીકરી આ પણ એક કજોડુ જ ગણાય છે માટે મારા વિચાર પ્રમાણે ખેડુતની કન્યા ખેડુતના છોકરાને બનતા સુધી આપવાનો વિચાર યોગ્ય ગણાય છે

વરકન્યાની ઉમરની બાબતમા પણ બે શબ્દ લખવાની જરૂર જોઉ છુ કન્યાની ઉમર આખરમા આખર તેર વરસની અને વરની ઉમર ૧૫ થી ૨૦ વર્ષ સુધીની હોવી જોઇએ પણ પરણ્યા પછી છોકરીને ચાર પાચ વરસ સુધી ઘરનુ શિક્ષણ મેળવવા માબાપને ઘેર રાખવાની ખાસ જરૂર છે વર મોટો હોય અને કન્યા તેરથી ૧૪ વર્ષની થાય વર નોકરીવાળો હોય તો નાની કન્યાને ત્યા લઇ જાય છે અને કુમળી વયમાજ કન્યા મટી છોકરાની મા થઇ જાય છે આપણ બાળલગ્નના જેવીજ હાની કરનારૂ પરીણામ છે બીજ વર સાથે કન્યા આપનારનુ પણ આજ પરીણામ આવે છે એક સ્ત્રી હોવા છતા તે ગૃહસ્થને છોકરી આપવી એ રૂઢી પણ ધીક્કારવા જેવી છે તો પછી છોકરાવાળી સ્ત્રી ઉપર કન્યા આપવી એ તો અધમપણાનુ કાર્ય સમજવુ જોઇએ હાલના સમયમા કળજુગી લેવાના યોગે કતાયલા શરીરવાળા છોકરા ૩૦ વર્ષની ઉમર સુધીમા વધારે પ્રમાણમા મરણ શરણ થઇ બિચારી છોકરીઓને બાળવિધવા બનાવી ચાલ્યા જાય છે આ ઉપરથી એમ સુચના કરવના કે ૩૦ વર્ષ ઉપરાતના કોઇપણ વિધુર અને પ્રથમ પરણનારને કન્યા આપવી નહિ કારણ કે એ ઉપરાતની ઉમરવાળા વરને પછ્યા પછ્ય પાચ વર્ષ છોકરુ થાય તેની ઉમર તેર વર્ષની થાય ત્યારે બાપની ઉમર ૪૮ વર્ષની થઇ એને વડપણ આવી ટૂકા સ્વાસ લાગુ પડી હાલત મરણમા કહેવાય છે અને એટલામા બે ચાર છોકરા થયા અને તે છોકરાના

બાપ મરણ પામવાથી એ કુટુબ તદ્દન નિરાધાર થઈ પડે છે કદાચ મીલ્કત હોય તો આસપાસના સગા વહાલાઓ નાદાન બચ્ચાઓનો લાભ લઇ ખાઇ જાય છે અને બચ્ચાઓની નાદાની સમજી ઉપજ આપનાર બરાબર આવે નહિ અને મીલ્કતો દબાવી પડે છે વળી બચ્ચાઓનો વ્યવહારીક બોજો પણ બીજુ કોઇ ઉપાડી શકતુ નથી આ વગેરે ઘણા ગેરફાયદા છે માટે ૩૦ વર્ષના ઉપરના કોઇ પણ પરણનાર ગ્રહસ્થને કન્યા આપવી નહિ પછી તે પેસાની લાલચ આપતો હોય કે ગમે તે બીજી લાલચો કન્યાવાળાને બતાવતો હોય પણ કન્યાના મા બાપ અગર વાલીઓ એવી લાલચમા નહિ સપડાતા કન્યાના લાભ તરફ જોવાની ખાસ જરૂર છે

હવે હુ વર શોધવાની બાબતપર લખુ છુ કે પ્રથમ કન્યાના બાપે વરની તમામ પ્રકારની ખાત્રી કર્યા પછી તે ગામપર પસંદ કરેલા ગ્રહસ્થને ત્યા પોતાના સગા અગર બે ત્રણ ભાઇ બંધને સાથે લઇ જઇ વિવાહ કરવાનો ચોકસ વિચાર રાખવો જોઇએ કારણકે જયા વરની પસંદગીની વાત બહાર અવી કે વરવાળાના હિત શત્રુઓ તરફથી નનામા કાગળો કન્યાવાળાને ત્યા લખવા શરૂ થાય છે અને એ પત્રોથી કન્યાવાળાઓના મન ભ્રમિત થઇ જાય છે આવા પત્ર લખનાર અગર વર અને કન્યાના સગાઓ કર્મનો મહાન નિયમ સમજતા નથી અને વર કન્યાનુ જોડુ જાણે પોતની અકકલ અને બુદ્ધીથી બધાય છે એવુ સમજી નકમો ડોળ ઘાલે છે પણ કર્માનુ સાર અને રૂણાનુ બધના કાયદાનેલઇ વર કન્યાના લગ્ન થાય છે આ નિયમ સિદ્ધ વાત છે

છોકરા નહિ થવાના કારણે જીંદગી સુધી જે સ્રી સાથે લગ્ન થયા છે તેને પડતી મુકી બીજી સ્રી ૫૦ કે ૬૦ વર્ષની ઉમરે પરણી

પુત્રની આશા રાખવી તેના કરતા પોતાના મન અને ઇંદ્રીઓ ઉપર અંકુશ રાખી જીંદગી પસાર કરવી એ શ્રેષ્ઠ કાર્ય છે અગર પોતાની મીલ્કતને કોઇ ધર્માદા કાર્ય ખાતે વાપરવાની ઇચ્છાથી જાતે આપી દેવી અગર ટ્રસ્ટીઓ નીમી વીલ કરી મરણ પાછળ ધર્માદા વાપરવા સત્તા આપવી તેમ ન થાય તો પોતાના ભાઇના છોકરાઓ અગર કુટુંબ કે સગાવહાલાને વહેંચણી કરી આપવી પણ લગ્ન કરી યુવાન બાળાની જીંદગી બરબાદ કરવી નહિ

વળી આપણી જ્ઞાતિના કેટલાક ઉંચા ગણાતા દેખાઇતી કન્યા મનાતા નીચા કુળમા લઇ અમે વાકડો બાંધ્યો નથી એવી બડાઇ મારતા બહાર પડે છે આ પણ એક જાતનો દંભ છે વાકડો તો કયાથી લેવાય પણ ઉંચા કુળની કન્યા લાવતા કાંતો તેનો માડવા ખર્ચ, ન્યાતિ ખર્ચ અને વખતે કન્યાનો બાપ નિરાધાર હોય તો તેટલા ખર્ચ કે એવી બીજી રકમ કોઇ પણ બહાને આપવી પડે છે આવુ લોકોમા બોલાય છે તો શા માટે આવી અધોગતિમા ઉતરવા પ્રયત્નો થાય છે તે સમજાતુ નથી છોકરાઓને કેળવણી આપ્યા પછી તેને દેશોદ્ધારના કાર્યમા શા માટે જવા દેતા નથી પોતાની મરજી તૃપ્ત કરવા નાના છોકરાને બેટી મોટાઇને લીધે જીંદગી ભર દુખના સાગરમા શા માટે નાખી દેવામા આવે છે માટે ઘાસની સાથે ઘાસ અને કડબની સાથે કડબ બાંધો ઘાસ અને કડબનો મેળ તેમજ કડબ અને ઘાસનો મેળ બંધબેસ્તો કદાપિ થાયજ નહિ માટે મારા જ્ઞાતિબંધુઓ બહારની મોટાઇ આડંબર દંભ વગેરે છોડી ઇશ્વરનો ડર રાખી છોકરા છોકરીના લગ્ન સબંધે ઉંચા વિચારો કરી સ્વાર્થને બાજુપર રાખી છોકરા છોકરી ભવિષ્યમા

સુખી જીદગી ગાળી સસાર નિભાવે તે તરફ દ્રષ્ટી રાખો અને સમયને અનુસરી કાર્ય કરો રીતરીવાજોમા ઘટતા સુધારા કરો અને જ્ઞાતિનુ હિત સચવાય એવા કાર્ય કરો

લગ્ન અને મરણના પ્રસગોએ ફકત ભાત, જુવાર, અને કપાસ વગેરેની ખેતી જ્ઞાતિનો મોટો ભાગ કરતો હોવાથી લાખો રૂપીઆ દર વરસે પર જ્ઞાતિના મનુષ્યો લઇ જાય છે દાખલા તરીકે કાપડીઆને ત્યા લગ્ન હોય તો પોતાની દુકાનનુ કાપડ જોઇએ તે પ્રમાણમા વાપરી એટલી કિમત ઘરાકના ઉપર ચડાવી બાકીનો માલ વેચે છે એજ પ્રમાણે કણીઆ, કસારા ગાંધી જેવા વેપારીઓ પણ પોતાની દુકાનમાથી જોઇતો માલ વાપરી ઘરાકના ઉપર નફો ચઢાવી વસુલ કરી લેછે આવુ આપણી જ્ઞાતિમા બનતુ નથી અને તેથી ગમે તેટલી અત્રે તેમજ બહાર દેશાવરમા રહી કમાણી કરવા છતા જ્ઞાતિમા ગરીબાઇ વધતી જાય છે અને આપણી જ્ઞાતિ પાછળ પડતી જાય છે માટે એવા ઉડાઉ ખરચોનો નાશ કરવો એ દરેક જ્ઞાતિ બન્ધુની પ્રથમ ફરજ છે

હવે મૂળ વિષયપર આપણે આવીએ કન્યાના બાપ અગર વાલી અમુક ગામમા અમુક ગ્રહસ્થને ત્યા અમુક ઉમરનો છોકરો છે એમ તપાસ કરી બે ત્રણ સગા અથવા તો મિત્રોને લઇ વિવાહ કરવા નિમિત્તે ચોકસ કરી જાય છે ત્યા જઇ પ્રથમ વિવાહ નકકી કરતા નીચે મુજબ વર યા તો કન્યાવાળા ઉભય બેઉને અનુકુળ પડે એવી રીતની શુચનાઓનુ લખાણ કરી સામ સામી સહીઓ કરી બે કાગળની નકલ કરી એક બીજાને આપવી અને તે પ્રમણેના ઠરાવને પોતાની સમજ અને મરજીમુતાબીથી છેવટ સુધી અમલમાં મૂકવા ધ્યાનમા રાખવુ

બીજા સગા વહાલા ગમે તેમ બોલે અગર લોકાપવાદ તેમજ ધારડાઓના શાસ્ત્રને બાજુએ મુકવાની દૃઢતા રાખી કાર્ય પૂર્ણ કરવુ પણ લખાણમા જે રીવાજો લખ્યા હોય તેમા બીલકુલ ફેરફાર કરવો નહિ પછી જુઓ એવા લગ્ન એક નમુના રૂપ ગણાય છે કે નહિ અને બીજાઓ પણ એજ રીતે લગ્ન કરવા તૈયાર થશે હવેના સુધારાઓ સમૂહ રૂપે થવાના નથી પણ વ્યકત રૂપે સુધારાઓ જલદી થશે માટે એવી વ્યકિતઓએ દૃઢતા રાખી કામ લેવાની અગત્ય ઉપર ખાસ ભાર મુકવાની જરૂર છે. માણસો બાડ માડ પોતાના ઘરનો ખર્ચ કેઇપણ પ્રકારે કરે કરીના મોઘવારીના પ્રસગે જેમ તેમ પૂરો કરવામા આવે છે તો પછી લગ્ન અને બીજા અમુક કાર્યોમા નાણા ખરચવા કેટલુ કઠણ થઇ પડે છે તેનો કઇ વિચાર કરવાની હવે જરૂર છે કે નહિ ? આપણા દેશની બીજી જ્ઞાતિઓ આગળ વધી જાય છે આપણો દેશ પણ આગળ જાય છે બીજા દેશો આપણાથી ઘણા આગળ વધ્યા છે તો પછી આપણે શુ ત્યાના ત્યા રહી માત્ર વર કન્યાના લગ્ન અને અશુભ ખરચો, વાકડાઓ, ધરઘામણા, લાડના પુરી, ચાનડો, પાપડ, સુપડ, મોસાળા, નુકુન વગરે ગામતના ખચખાટમાજ કજીઆ કકાસો કરી એકને કાઢી મૂકવી, બીજી પરણવી, છોકરાને માટે વલખા મારી મોટી ઉમરે લગ્ન કરવા, દત્તક લેવા આટલુજ આ દુનિઆરૂપી સમુદ્રમા જીદગીરૂપી નાવનુ કાર્ય છે ? જેથી સંસારે કાર્ય મનુષ્ય જીવાત્માને મન અને બુદ્ધિ આપેલી હોવાથી કરવાનુ છે તેનો વિચાર કરો તો જણાશે કે હજી આપણે ડુગરની તળેટીના પ્રથમ પગથીઆ આગળજ ગમડયા કરીએ છીએ અને પગથીઆ શોધીએ છીએ જેને જડયા છે તે તે ઉપર ચઢવા પ્રયત્ન કરી રહ્યા છે અને એક પછી એક પગથીઆ

ચડી ડુંગરની ટોચ પર તેઓ થોડા સમયે પણ ચઢી જશે પરંતુ જેને પગથીઉ પડેલુંજ હાથ લાગતુ નથી તે શી રીતે ચઢી શકશે? માટે આમતેમ ભટકવા કરતા ખરા રસ્તાને શોધી તેજ માર્ગે ચાલવા પ્રયત્ન કરવાથીજ ધારેલે સ્થળે પહોચી શકય છે

વરકન્યા ઉભયને લાભકારક સુચનાઓ.

૧ કન્યાવાળાએ વર લખવા પ્રમાણે તપાસ કર્યા પછી પ્રથમ વિવાહ જોડવા માટે પોતાના સગા તથા મિત્રોને લઈ વરવાળાને ત્યાં જવાનો દિવસ મુકરર કરી એક પત્રથી વરવાળાને ખબર આપવી

૨ ત્યાર બાદ જે દિવસે જવાનુ નકી કર્યું હોય તે દિવસે વિવાહ કરવા કન્યાવાળાએ વરવાળાને ત્યાં જવું

૩ ત્યાં જઇ કોઈ સારા વિદ્વાન બ્રાહ્મણને બેસાડી યથા વિધિથી ગણપતિ અને વરનું પુજન કરી કરાવી ચાંદલો કરી રૂા ૫) કન્યાવાળાએ વરને આપવા આ વખતે માન પોતાનો સબંધ જોડવાનો છે માટે પુજન વિધીમા આવેલ રોકડ રૂ ૫) આપ્યા પછી ૧ા શેર સાકર ૫ા શેર પતાસા કન્યાવાળાએ વરના હાથમા મુકવા અને રૂા ૫૧) અગર ૧૦૧) વરવાળાને વધામણ તરીક કન્યાવાળાએ આપવા

૪ આ વખતે વર કન્યાવાળાએ દરેક સમયનો એક ખરડો બનાવી એક બીજાની સહી કરી અરસપરસ પોતાની પાસે રાખવો અને તેજ પ્રમાણે બેઉ પક્ષે દ્રઢતાથી અમલ કરવો

૫ વર વાળાએ પોતાના કુટુંબને તથા ગામના મિત્રો અને ગામમાંના સગા વહાલા તથા કન્યા તરફથી આવેલા ગૃહસ્થોને લાડુ કંસાર ખાજા વગેરેનુ જમણુ આપવું

૬ આ વખતે કન્યાવાળા સાથે આવેલા બીજા ગૃહસ્થોએ વરને અગર વાલીને કઇજ આપવુ નહિ અને સલાહ સપથી છુટા પડી કન્યાવાળાએ પોતાને વતન પધારવુ બ્રાહ્મણને રૂ ૧) કન્યાવાળાએ આપવો

૭ વિવાહ થયા પછી કન્યવાળા તરફ વાકડા ચાહ્લાની મટલી સાથે કંકોત્રી લઇ બ્રાહ્મણને મોકલવામા આવે છે. તે વખતે રૂ ૧૧। રોકડા અને ૧૧। શેર લાડવા વરવાળાને મોકલવા વરવાળાએ તે લઇ આવેલા બ્રાહ્મણને રૂ ૩) વિદાયગીરીના આપવા

૮ જાન કાઢવાનો તમામ ખર્ચ ગીત ગાનારી, ઢોલી તથા કન્યાવાળાને પોતાને ગામે વાજુ લઇ આવવાની વરવાળાને ફરજ પાડવામા આવે તો વાજાનો ખર્ચ આપવો અને કન્યાવાળા વજા વગર બોલાવે તો વરવાળાએ વાજા લાવવા નહિ ઉપર લખ્યા પ્રમાણે ગીત ગાનારી, ઢોલી અને તાસ્તી તેમજ ગાડી ભાડાનો ખર્ચ વરવાળાએ કજુસાઇથી જાણે પોતાના પેસાજ ખરચાતા હોય તેમ ખર્ચી કન્યાવાળાને આકડો આપવો અને કન્યાવાળાએ તે પતાવી દેવો

૯ જાનમા જેટલા માણસ આવ્યા હોય તેટલા સઘળા બરાબર ખાઇ શકે એટલુ સીધુ આપવુ આ વખતે કન્યાવાળાએ ખાસ વિચાર કરવો જોઇએ કે પોતાનુ ઘર છોડી વરવાળા આટલા બધા માણુસો સાથે બે દિવસ માટે કન્યાના ગામે આવ્યા છે માટે પાથરણા, વાસણ કુસણ તથા રહેવાનુ સ્થળ વગેરે તમામ જાતની જોગવાઇ કરી આપવી શેહેર અને કસ્બામા શિખડ જેવી રસોઈ આપવી અને ગામડુ હોય તો લાપસી અગર

શીરાપુરી જેવી સાદી રસોઇ આપવી. જે ગાડા જોડી જાન લાવ્યા હોય તો કન્યાવાળાએ બળદને માટે સારૂ અને પૂરતુ ઘાસ આપવુ દરેક જોડ દીઠ રોજ ૨૫) પુળી આપવી તથા દરેક જોડ દીઠ ત્રણ શેર ગુવાર અને ૨ શેર ખોળ દરરોજ આપવા. બોલતા મનુષ્યોને પુષ્કળ ઘી સાથે ખાવાનુ અપાય છે ત્યારે બીચારા અવાચક જાનવરો માટે કન્યાવાળાએ ઉદારતા વાપરી ઉપર પ્રમાણે ખોરાક આપવો

૧૦ જાનને ઉતારો આપ્યા પછી વરવાળાએ રસોઇ તૈયાર કરાવી હોય તો જમીને અગર જમ્યા પહેલા કન્યાવાળાની જોગવાઇએ વરઘોડો કાઢવો.

(૧) જાન નોતરતી વખતે દરેક રીત રૂા. ૧) ની આપવી. ૧૫ ખાજા, થોડા સોપારી, બેચાર નાળીએર

(૨) વરઘોડામા વરે ચાલી જવુ, કસ્બો અગર શેહેર હોય તો રૂા ૫) સુધી ઘોડાના ખરચવા.

(૩) મશાલ તથા દીવેલ વાપરી વરઘોડો કાઢવો

(૪) દારૂખાનું બીલકુલ વાપરવુ નહિ.

(૫) ઘરેણ ચઢાવવા જતી વખતે રૂા ૧૦૧) ની જણુસ વરવાળાએ કન્યાને આપવી

(૬) માંડવે વરઘોડો ગયા પછી સદ્‌ગૃહસ્થોએ માંડવામા પોતાને માટે કન્યાવાળાએ નકકી કરેલી જગ્યાએ બેસવુ.

(૭) કન્યાવાળાએ સારો અને સસ્તો મડપ બધાવવો હાંડી અગર કદીલના ઝુમખા અને ઝાડો રાખવા અને સુશોભિત બનાવવો.

(૮) વરને મંડપના દરવાજા ઉપર ઉતારી કન્યાવાળા તરફથી છાટણીઆને નામે આશિરવાદ અપાય છે એને રૂપીઆ પાચ વરવાળાએ આપવા.

(૯) વરને અરઘવાની સાદી રીત વાપરવી અને જલદી વરને માયરામાં લઇ લેવા

(૧૦) વિદ્વાન બ્રાહ્મણો વાળી લગ્નવિધી કરાવવી

(૧૧) કન્યાને પટોળીને બદલે પાનેતર પહેરાવવુ અને મોસાળ પક્ષના તરફથી વાલો, પાનેતર ચુડો કાકણ વગેરે મળી રૂા ૧૦૦) સુધીનુ મોસાળુ કરવુ.

(૧૨) પહેરામણી વરવાળાને રૂા ૨૫) આપવી તેમ મોસાળ સાસરાની પણ વરવાળાને રૂા. ૫) આપવી.

(૧૩) બ્રાહ્મણો જે મંત્રો વડે લગન વિધી કરાવે છે તે પર વર કન્યાવાળા તરફના સઘળા સ્ત્રી પુરૂષોએ ખાસ ધ્યાન આપવુ કેમકે ગ્રામ્યદેવતા, કુળદેવતાઓના સાક્ષીથી આ લગન થાય છે "સમયવરને સાવધાન" આ શબ્દો કેટલા ભવિષ્ય સુચવનારા છે. આ વખતે જેટલા સ્ત્રી પુરૂષો મંડપમા હોય તેટલાએ ધ્યાનપૂર્વક સાભળી પરણનાર જોડા માટે શુભ વિચારો કરવા.

(૧૪) છેવટે વરકન્યા ઉપર ચોખા વધાવવા અગર તો અરસપરસ પુલના હાર પહેરાવવા. તબોલનો સુગ લાગે એવો રીવાજ બધ કરવે.

(૧૫) મંડપમાં બીડી દીવાસળી આપવા નહિ. પાન સોપારી એલચી

વહેચવા. વરના બાપ, મામા, કાકા ત્રણને હલકા હાર આપવા બીજાઓને કલગી, ગુલાબજળ તથા અત્તર વગેરેથી સન્માન કરવુ.

(૧૬) હવે પછીની તમામ રીત એક રૂપીઆથી કરવી અને લગ્ન વિધી પૂરી થયા પછી કન્યાને લઇ વરવાળાએ પોતાને મુકામે પધારવુ કોઇપણ જાતની રીતમા જરાપણ બીજભાવ ન રાખતા વરકન્યાવાળાએ આનંદ અને પ્રેમથી વર્તન રાખવુ

(૧૭) કન્યાવાળાએ પણ ખોટી મોટાઇ અને આડબરમા પોતાના ગામમાં જમણવારના ભારે ખરચો કરવા નહિ સાદુ' લાપસી જેવુ જમણ કરવુ અને તે પણ એકજ દિવસે કરવુ

(૧૮) કન્યાદાન આવે તેને પણ બીજે દિવસે જમાડવા નહિ પણ પોતાનુ કુટુબ અને સગાવહાલાને બીજે દિવસે જમાડવા.

(૧૯) વરવાળાએ બીજે દિવસે ધૂપેલ લેવા જવુ ત્યા પણ ગાઇજ માગવુ નહિ. કન્યાવાળા જે આપે તે લઇ મુગે મોટ ચા'યા આવવુ

(૨૦) ગોરો નોતરવાની રીત વખતે પણ કન્યાવાળા લાવે તેટનુ લઇ લેવુ

(૨૧) વિદાય થવા જતી વખતે વરવાળાએ છાબડીમા હલકા કપડા દોટી જેવા મુકવા આરસી, દાબડી, સાદા મુકવા

(૨૨) ગોરવની માજમા જે મુકે તે લેવુ ખાજા, સોપારી, પાપડ, લાડવા વગેરેમા જરાપણ તકરાર કરવી નહિ

(૨૩) વરકન્યા શેવ ખાવા બેશે એ વખતે વીંટી, અબોટીઉ વેવાણને સાડી વગેરે કઇજ આપવુ નહિ. ફકત સઘળી જગ્યાએ એક રૂપીઆની રીત કન્યાવાળાએ કર્યા જવી.

(૨૪) સુવાવડ શૈત્રજી જેવી શરમ લગાડનારો રીતો તદ્દન કાઢી નાખવી.

(૨૫) વરના બાપ અને માને રૂા ૫) ભેટવા, મામાને અને કાકાને રૂા ૩) ભેટવા આ વખતે તમામ હીસાબ કરી નાખવો. મામી તથા કાકીને રૂા ૨) ભેટવા.

अ વરવાળાને પ્રથમ વિવાહ કરતી વખતે જે રૂપીઆ આપ્યા હોય તે કન્યાવાળાને પાછા આપવા.

ब ગાનારી, ઢોલી, તથા વાજુ હોય તો તે અને જાનના માણસોનુ ગાડી ભાડુ ચુકવી આપવુ

क વરવાળાએ રૂા ૧૦૧) ની જણુસ આપેવી છે અને બીજી ૨૦૧) ની જણુસ કન્યાને પહેરાવવી.

ड કન્યાવાળાએ સારી સ્થતિ હોય તો રૂા ૭૦૧) ની અથવા ૩૦૧) ની જણુસ પહેરાવવી આ જણુસ કન્યાની થાય છે માટે કોઇએ લેવી નહિ.

इ ઘર ઘામેણુ સાદુ, કોચ આપવો નહિ, પલંગડી આપવી ઢોટીના ખોળાંઆના તળાઇ ગોદડા આપવા વાસણુ હલકા વાપરવા

(૨૬) આ પ્રમાણે વિદાયગીરી થયા પછી વરવાળાએ પોતાને વતન જવાની તૈયારી કરવી અને સલાહ સપથી છુટા પડવું. કોઇ પણુ જાતનો કિન્નો વેર અગર આપ લેની તકરારને સ્થાન આપવું નહિ.

(૨૭) વરકન્યાવાળાને ત્યા આવેલા જમાઇઓને રૂા ૫) તથા બીજા સગાઓને ચાલ્લો કરી રૂા ૧) આપવો.

(૨૮) છોકરીને પરણ્યા પછી લેવા આવે તે વખતે લગ્નના લાડવા કાઢી નાખવા દળના લાડવા ફક્ત ૧૧। શેર વરવાળાને ત્યા મોકલવા અને વરવાળાએ છોકરીને વિદાયગીરીમા રૂા ૫) રોકડા રેશમી ગાળો, એક હલકી રૂા ૧૫) સુધીની સાડી બે દોટીના ગવન બે ચણીઆ, બે કબજા સુતરાઉ અને એક રેશમી આ પ્રમાણે લુગડા આપી પાંચ શેર દુધે બાધેલી પૂરી અને બશેરનાં વડા કરી મોકલવી.

પરણ્યા પછી બાપને ત્યા અગર સાસરે જેટલો વખત રહે તેટલા વખતના લુગડા તે તે ઘરવાળાએ પહેરાવવા અને ગમે તેટલી વખતે આવજા કરે તોપણ એક પાઇ અગર પૂરી લાડવા કોઇ પણ ઠેકાણેથી આપવા નહિ ગામ દુર હોય તો છોકરીને ખાવા માટે શેર બશેરનુ ખાવાનુ કરી આપવુ બળેવ, દીવાળી, હોળી વગેરેના ખાવામા ફક્ત પા શેર લાડવા અને રૂા ૫) રોકડા કન્યાવાળાએ મોકલવા બીજુ વરવાળાએ કન્યા માટે ગોરવની ફરાળ રૂા ૧૦) સુધીની મોકલવી.

ઘુપડાંની રીતો.

(૧) ઘુપડા પરણ્યા પછી પાંચ વરસે છોકરીને મોકલવી એટલી મુદતમા મા, બાપને ત્યા રહી દરેક કાર્ય છોકરી શીખી શકે છે. જેથી સાસરામા તેને અડચણ પડે નહિ.

(૨) ઘુપડાની રીતોમા રૂા. ૧૫) સુધી દરેક રીત રૂા. ૧) ની કરવી રૂા ૨૫) રોકડા તથા ૦॥ મણની પૂરી તેજ પ્રમાણે વડા, અને એટલાજ લાડવા તથા સાધારણ રૂા. ૫૦) સુધીના લુગડા કન્યાના બાપે આપવા.

મુહુર્તની રીતો.

(૧) છોકરીનુ શ્રીમત આવે તે વખતે ૧૧ા શેર લાડવા, ૧૫ શેરની પૂરી તે પ્રમાણેના વડા અને રૂા ૧૫) રોકડા કન્યાવાળાએ આપવા વરને માટે વીંટી વગેરે આપવી એ વરની અધમતા સાબીત કરે છે દરેક વખતની પૂરી દુધે બાધવી વડા દહિથી અગર કેળના પાણીથી કરવા દરેક પ્રસગે બ્રાહ્મણને વિદાયગીરીના રૂા ૨) સુધી આપવા

(૨) છોકરીને છોકરો અગર છોકરી આવે તો નણદ ઝભલા ટોપી લઇ આવે તેને રૂા ૫) સુધી આપવા. અને વરવાળાએ થોડીક રૂા ૨૫) સુધીની જણસ કરાવી મોકલવી.

(૩) છોકરી કોઇપણ છોકરાને લઇ સાસરે જાય ત્યારે પાચ શેર પૂરી પાચ શેર લાડવા કરી મોકલવી છોકરીના બાપ તરફથી કઇપણ લુગડા અગર દાગીના કરવા નહિ

(૪) છોકરા છોકરીના મોસાળામા છોકરી હોય તો મોસાળ પક્ષ તરફથી ઘર, પાનેતર, તથા વાસો વગેરે મળી રૂા ૫૦) ની ચીજો લેવી અને રૂા ૨૫) રોકડા આપવા. પૂરી લાડવા કઇજ નહિ છોકરીને માયરામાં બેસાડી રૂા ૫) છેડે બાધવા.

(૫) છોકરાને જનોઇમા જોડી, જામો, ફેટો, પોતડી, પીતાંબર હલકુ એકાદ વીટી વગેરે રૂા ૭૫) સુધીની ચીજ મોસાળવાળાએ આપવી. વરના બીજા સગાને કઇજ આપવુ નહિ મુંજીઆને પકડી રૂા. ૫) આપવા.

જનોઇના ખર્ચ.

(૧) ગામમા પોતાનુ કુટુ બ સગાવહાલા અગર વ્યવહાર એક દિવસ જમાડવો સલામી અને લાડકા લાડુ આવે તે ખાઇ જવા બીજે દિવસે કંઇજ જમણવાર કરવી નહિ

(૨) છોકરી પરણે તે વખતે એકજ દિવસ વરો કરવો કન્યાદાન ખાઇ જવુ અને બીજે દિવસે જમણવાર કરવી નહિ

એકવાર છોકરીને ઉપર પ્રમાણે છોકરા થયા પછી બીજી ગમે તેટલી વખત સાસરે અગર પીયર જાય તો કોઇ પક્ષ કઇ પણ આપવુ લેવુ નહિ તેમજ છોકરીનો આવવા જવાનો ગાડીભાડાનો ખરચ વરવાળાએ આપવો આ પ્રમાણે સલાહ સપથી કર્માનુસાર જોડાએલા સગાવહાલાઓએ પ્રેમ-ભાવથી જોડઇ વર્તન ચલાવવુ ઓછા વત્તાનો સવાલ આગળ નવી છોકરી અને તના મા, બાપને વારવાર હેરાન કરી જબગારથી ગમે તેટલી રકમ કઢાવવી આ એક ગ્રહસ્થને છાજે એવુ લક્ષણ નથી ગૃહસ્થ તો તેજ કે જે છોકરી પેતાના પુત્ર વધુ તરીકે આવી હોય અને ભવિષ્યમા વશની વૃદ્ધિ કરનાર ગૃહિણી થવાની હોય તેને પોતાને ત્યા રાખી ઉત્તમ પ્રકારના સસ્કારો સાસુ સસરા અગર વડીલોએ તેના મન પર ઠસાવવા પ્રયત્ન કરવો

મરણના ખરચો.

(૧) ૩૫ વર્ષની અદરના કોઈ સ્ત્રી યા પુરૂષના મરણ પ્રસગે દશ, અગીઆર, બાર, તેર આ દિવસોએ ખાસ વિદ્વાન બ્રાહ્મણો

પાસે શ્રદ્ધ ક્રિયા કરાવવી મરણ પામ્યા પછી ગરૂડ પુરાણ
જેવુ ભયાનક પુસ્તક નવ દિવસ સધીમા વચાવવુ નહિ પણ
ગીતા, ભાગવત, રામાયણ વગેરે વચાવવા.

(૨) ૩૫ વર્ષ ઉપરના સ્ત્રી પુરૂષના મરણ પ્રસગે ૧૦, ૧૧, ૧૨
માન દિવસે કુટુબીઓ અને સગાવહાલાને સાદુ જમણ આપવુ
તેરમાને દિવસે વ્યવહાર અગર ગાન કરી લગભગ ૫૦ બ્રાહ્મણો
જમાડવા અગર અનાથાશ્રમ કે અપગાશ્રમના માણસો અગર
કેઇ આંધળા લુલા કામ ન કરી શકે એવાઓને જમાડવા

(૩) માસીક, છમાસીક, વર્ષિક, અને દર સવત્સરી ચાલુ રાખવા

(૪) આ બાબતમા મારો મત એવો છે કે એક માણસના જીવનમા
તેનુ બારમુ તેરમુ એજ નખત આવે છે

પૈસા આખી જીદગી એ માણસે પેદા કરવા અગર મીલ્કત મેળ-
વવામા પુરૂષાર્થ કર્યો અને ફકત તેની પાછળ એક દિવસનુ
જમણ કરવુ એ વધારે પડતું નથી

હાલના સુધારાવાળાઓને આ બારમા તેરમાનુ જમણ ખુચે
છે પણ ઇવીનિંગ પાર્ટી, એટ હોમ તથા ક્લબોને ખાણા
આપવા અને હજારો ઉડાવવા, બીડી, દીવાસળી, ભાગ, ગાજો,
દારૂ, ચા, પાન સોપારી વગેરેના દરરોજના ચાલુ ખરચો શા
માટે ખૂચતા નથી તેનો વિચાર કરી આ ચીજો છોડી દો
અગર ન છુટે તો એમાથી કમી કરો પણ ૬૦ વર્ષની ઉમરના
ડોસાના બારમા અને તેરમાની શા માટે નિદા કરો છો

હાલના મોજ શોખો અને અસલ મોંઘવારીને લઈ તેમજ શેર સટ્ટાના ધંધાને લીધે દરવરસે હજારો મનુષ્યો ગરીબીમા સપડાતા જાય છે આવા સમયે મહાત્મા ગાંધીએ ખાદીનો ઉપદેશ આપ્યો એ વખત જોઇને વિચારેલું કાર્ય હતું તેમા પણ હજી ઝીણુ સાગ રંગનુ કાપડ શોધવા માંડ્યુ છે

ઉપર પ્રમાણેની દરેક સૂચના ધ્યાનપૂર્વક વાંચવામા આવશે અને તે પ્રમાણે અમલ કરવામા આવશે તો હાલના આપણા રીત રીવાજો સારા પ્રમાણમા વગોવાય છે અને કન્યાઓને કાઢી મૂકવાના કીડા શોધાય છે તે જતા રહેશે આ સૂચનાઓમા સુધારા વધારા કરવાનો દરેકનો હક્ક છે અને તે પ્રમાણે કરવાની દરેકને છુટ છે પણ લખનારનો હેતુ કોઈ પણ પ્રકારે સામસામા વેવાઈ પક્ષોએ કલહ કંકાસના બીજ વોડા લાડવાપુરી અગર રૂપીઆને લીધે નહિ રોપતા સમય આવે એક બીજાની મદદમા ઉભા રહી જીંદગી પસાર કરવાનો હેતુ સાચવો એજ આશય છે આવા કંઇપણ બંધારણવાળા લગ્ન એજ લગ્ન કહેવાય બંધારણ વગરના લગ્ન એ કજીઆ કંકાસનુ બીજ વાવવા જેવુ છે છોકરીનો બાપ કન્યાના લગ્ન પ્રસંગે ગાંડો બની જઇ પોતના છોકરાના નિર્વાહનુ ભાન ન રાખી પુષ્કળ પૈસા ખરચે અને પોતાના આનંદને પ્રકાશમા લાવવા તનતોડ મહેનત કરે તેના બદલામા તેનાજ અગર વેવાઈ ફક્ત મોઢું મરડી સઘળુ રસાતળ કરી નાખે છે આનુજ નામ ગૃહસ્થાઇ જો કહેવામા આવતી હોય તો પ્રભુને પ્રાર્થના કરવી પડશે કે હે પ્રભુ આવતા જન્મમા આની ન્યાતમા અમોને ફરી જન્મ આપતો નહિ આટલો બધો દુ:ખદ સમય આવી પહોંચ્યો છે અને દરેક વ્યકિત પોકાર કરી રહી છે,

અનાવિલ પોકાર પણ પોકાર પાડી રહ્યુ છે એટલે ગોધાએલા પાણી ભરોહામા થઇ ગમે ત્યા રસ્તા કરી ચાલવા માડશે માટે ચેતી એ પાણીને માટે યોગ્ય રસ્તા કરી આપો. વિધવાઓની સ્થિતિ પણ ઘણી ભયકર અને દુખી છે દર વરસે એ સખ્યામા વધારો થતો રહ્યો છે એને માટે કેળવણીની અગર ગુજરાન પુરતુ ધધાનુ શિક્ષણ આપવા માટેની સસ્થા આપણી જ્ઞાતિમા નથી અગર બીજે ઠેકાણેની સસ્થામા જવા મદદ આપવાનુ પણ કઇ સાધન નથી તો તે ઉપર ધ્યાન આપવાનો પણ અનાવિલ પોકારનો ધર્મ [ફરજ] છે વિધવાઓને સાસરા અગર પિયરમા ગુલામી કરી પેટ ભરવુ પડે છે કેટલાક સારા ગૃહસ્થોએ સારી પુજી પોતાની વિધવાઓને આપી હતી પરતુ તે પુજી વિધવાઓએ ખોઇ નાખી આ એક અપવાદરૂપ વાત ગણાય. પરતુ તે વિધવાઓને માટે સદાના દરવાજા બધ થાય એમ નથી. મારા વિચાર પ્રમાણે સાસરા અગર પીયરવાળાની સ્થીતિ સારી હોય તો લગભગ બાર મહિને રૂા ૧૦૦) અગર એથી વધારેની આમદાની થાય એવો બદોબસ્ત કરવો વિધવાને માથે પોતાના ધણીની મિલકતનો બોજો આવી પડયો હોય અને છોકરા છોકરીના બોજા વિધવાને ઉપાડવાના હોય તો મરનારના ભાઇ કુટુબી, અગર ભાણેજ કે બીજા કોઇ સગાએ વિધવાને સાથે રાખી મીલ્કતની બરાબર વ્યવસ્થા કરી દરેક પ્રસગો બરાબર ચલાવવા પુરતી મદદમા ઉભા રહેવાની મનુષ્ય તરીકની ખાસ ફરજ છે આથી એક કુટુબની મીલ્કત નાશ પામી ગરીબ થતુ તે કુટુબ બચી જશે સગાવહાલાઓ વેર બાધી એકમેકના ઉપર હુમલા કરવાને નથી પણ દુખને સમયે પોતાના તન, મન, ધનથી મદદ કરવાને માટે જોડાએલા છે મીલ્કતો

આપ્ર જવા અગર પોતપોતાના સ્વાર્થ સાધના માટે સગાઓ નથી પણ પરમેશ્વરને ત્યાં જવાબ દેવા માટે સગાવહાલાઓએ જોડાવાનુ છે

હાલમા આપણી દુનિયના દરેક ભાગમા કોઇ પણ પ્રકરની જે જે ચળવળો ચાલી રહી છે અને દરેક મનુષ્યો એ ચળવળો ઉપર પોતાના વિચારના તરંગોના ઘોડા દોડાવી રહ્યા છે અને એવા તરંગોથી ધર્મશાસ્ત્રો તથા ચાલતા આવેલા ગત રીવાજો, અને વેપાર રોજગાર તેમજ મજુરી અને મુડી તથા સામાન્ય ભ્રાતૃભાવ વગેરેને જે મોટુ નુકશાન થયુ છે અને દુનિઆ જે માર્ગ તરફ જવી જોઇએ તેને બદલે કંઇ જુદેજ માર્ગે જડવાદના પ્રવાહને લઇ સુધારાને રહને ચાલી જાય છે કે જેનો તોડ મહાન ગણાતા મનુષ્યો પણ લાવી શકવા અસમર્થ છે અને તેઓ પણ પરમેશ્વરને પ્રાર્થના કરી રહ્યા છે કે "હે પ્રભુ તુ જાતે આ પૃથ્વીપર આવ અગર તારા કોઇ મહાન પુરૂષને મોકલ કે જેથી ગમે તેમ ચાલતી તરંગો દુનિયા સિધા રસ્તા પર આવી તારી સાથેનો તૂટેલો અગર વાંકો વળેલો તાર પાછો જોડાઇ જાય અને દુનિઆમા સ્વાર્થ અને લોભના જે મૂળ આપસ આપસમા પેઠા છે તે નીકળી જઇ સંતોષથી પોતાના કાર્ય દગા ફટકા અને પ્રપંચ વિના કર્યા જાય ' આ પ્રમાણે સ્વતંત્ર રાજ્ય જેવા કે અમેરીકા, ફ્રન્સ, ઇગ્લાડ આદિના મહાન પુરૂષો પ્રાર્થના કરી રહ્યા છે તો પછી પરતંત્ર રાજ્યના લોકોનો તો હિસાબજ ક્યાથી હોય

કુદરતના કાયદા વિરૂદ્ધ આચરણનુ પરીણામ.

દુનિયાનુ વાતાવરણ બગડી જવાથી કુદરતના નિયમો પણ ફેરવાઇ ગયા અને તેથી ગમે ત્યારે વરસાદ આવે અગર નહિ આવે

રેલ, ધરતીકંપ, તથા વ્યાધિના જોર વધે અને બરાબર પાક ન થવાથી મોંઘવારીને લઇ પેટ પુરતુ ખાવાનુ અને લુગડા નહિ મળે આ બધા બનાવોથી મનુષ્ય બુદ્ધિ શિથીલ પડી જઇ ગમે તેમ ભટકયા કરે છે આવી હાલની દુનિયાની થઇ ગએલી સ્થીતિ સુધારવા કોઇ મહાન વ્યક્તીના પધારવાની રાહ હિન્દુ, પારસી, મુસલમાન ખ્રિસ્તી વગેરે દરેક ધર્મની પ્રજા જોઇ રહી છે કારણ કે મનુષ્યે પોતાનો દરેક સબંધ તોડી નાખી ગમે તેમ વર્તન કરવા માડયુ છે કર્મ અને પુનર્જન્મના સિદ્ધાંતો, લેણુ દેણુ, ત્યા આપવા લેવાનો વ્યવહાર, આંતર અને બાહ્ય શુદ્ધિ, આચાર અને વિચાર ધીરજ, સંતોષ, દયા અને પ્રેમ આવા મહાન સદ્ગુણો કે જે વડે પ્રભુની સાથે એકતા કરી શકાય તેવા સદ્ગુણોને હાલની દુનિઆએ અહિંથી બરતરફ કરી દેશવટો દીધો છે અને સુખી થવાની અભિલાશા રાખે છે એ શી રીતે બની શકે?

વ્યવહારમા, પરમાર્થમા, રાજ્યમા, વેપાર રોજગારમા, દરેક જગ્યાએ શેરડીમા રસ છે તેજ પ્રમાણે અધ્યાત્મવાદ કોઇ પણ પ્રકારે ઓતપ્રોત થઈ રહ્યો છે તેને મનસ્વીપણે દુર રાખી મનુષ્યો સુખી થવાની આશા રાખે એ ફોકટ છે ઇશ્વરને ત્યા લાંચ, રૂશ્વત, વગવસીલો ચાલતો નથી ત્યા તો નિયમ તે નિયમજ છે જેવુ કર્યું તેવુ ફળ સાથેજ છે તો પછી છુટીને કયા જવાના એનુ જરા ભાન રાખી એક આદર્શ મનુષ્ય તરીકે જીવન ગાળવા પ્રયત્ન કરી પ્રભુને જવાબ આપવા એક દિવસ જવાનુ છે આ વાત દરેક ક્ષણે દરેક કાર્ય કરતી વખતે અંતઃકરણમા કોતરી રાખી આગળ ચલવુ એજ શુદ્ધ પુરૂષ અને સ્ત્રીઓનુ કર્તવ્ય છે

આ મારી સૂચનાઓનો અમલ થાય તો કેટલાક વૃદ્ધો કે જેઓ માડવામા વિદાય થતી વખતે શાલ અગર મોટી કોરના ખેસ માથે લાલ પાઘડી પહેરી જરા રોફમા આવી કાગળ, ખડીઓને કલમ લઈ જાણે મોટા સંત હોય તેમ જે વર કન્યાના લગ્ન થયા તેનુ ભાન નહિ રાખતા અને લગ્ન એ શુ છે તે નહિ સમજતા જાણે વરવાળાએ કન્યાવાળાને ઘી વેચ્યુ હોય તેમ જમા અને ઉધાર પાસાઓ પર જુદી જુદી રીતની તરંગી રકમો મુકી કન્યાવાળાને હુકમ કરવામા આવે કે આટલી રકમ અમારી લેણી નીકળે તે આપો તો વિદાયગીરી કબુલ કરીએ આ હિસાબ કરનારે ઘણો અનુભવ મેળવ્યો છે હજારો રૂપીઆના વાંકડાના હિસાબ કરેલા છે અને જયા જયા કન્યાના બાપ પર છરી ફેરવવાની હોય છે ત્યા ત્યા કાલાવાલા કરી એ સખસને લઈ જવામા આવે છે અને એમની સારી સારવાર કરવામા આવે છે આ પ્રમાણે વરના વાલી તરફથી બોલી બાકી કાઢેલા રૂપીઆના આંકડા પર શીલ સિક્કા મારવામા આવે છે

હવે કન્યાનો બાપ આ વખતે પોતાની જાતને, છોકરીને અને આખરે પરમેશ્વરને તિરસ્કાર કરતો માથુ ખજવાળતો પોતાની કોથળી પર વિચાર કરે છે મૂઢ બની જાય છે, છેવટ ગાડો બની જાય છે અને હવે કયા જવુ, માડવામા વેવાઈ પક્ષની રૂબરૂ આબરૂ જાય છે ગામના લોક સમક્ષ આબરૂ જાય છે એટલે પછી લગ્નમા આવેલા કોઈ સગાને આ વાત કહી કોઈપણ પ્રકારે લેણી રકમ એકઠી કરવાનો પ્રયત્ન કરી સરકારી મહેસુલની આવેલી જપ્તી ઉઠાડે છે આવા હિસાબ કરનારા વૃદ્ધ ડોસાઓને આવી સૂચનાથી ભારે અકળામણ થશે અને આવા ધંધા પડી ભાગવાથી ગામને ચોતરે બેસી ગપ્પા મારવાનો

સમય આવશે અને કોઇપણ માણુમ એની કિમત આકી શકશે નહિ પણ કન્યાવાળાને પડતા હાડ માગીનો અ ત આવશે અને જેજે તિરસ્કાર અને અણુગમાના વિચારો બિચારી છોકરી કે જે લક્ષ્મીના અવતાર તરીકે ગણી ઉછેરવામા અને લાડ લડાવવામા મોટી કરી હતી તે નાત તરફથી જતા રહેશે એજ આશિર્વાદ વરવાળાને લાગશે અને તમામ કુટુબના માણુમો સુખી થશે એ કુટુબ પર દેવો પુષ્પની વ્રષ્ટી કરશે ઇશ્વરની મેહેરબાની થશે અને વરવાળાના વ શની વૃદ્ધી અને સારા જીવાત્માઓ ધ્રુવ જેવા અવતરવાથી એકોતેર કુળને તારશે માટે મારાભાઇઓ સ માગમા રહેલા સ્વાર્થથી થતા કજીઆ કકાસો અને મહેણા ટોણાઓ કાટી નાખો સ્ત્રી જાતીના પર મુકાતા દોષો બધ કરો તેમને સમજ આપો એટલે તેઓ નીખાલસ અ તઃકરણની હોવાથી તરત સમજી જશે અને પોતાના પર આવતા દોષોથી મુક્ત રહેશે

દીકરીના મા, બાપ, કાકા, ભાઇ પરણુાવ્યા પછી દીકરીને સાસરે જાય તો હાલમા ચા પીવાનો દડ અને ખાવા બેશે તો વધારે દડ આપવો પડે બિચારા મા, બાપ, અગર જનારને માટે તે ગામમા દીકરીને સાસરે જવાનો પણ અધિકાર રહ્યો નહિ ભોગજોગે કઇ કારણ વસાત જવુ પડે તો સાસરાવાળા બીજાને ત્યા ગોઠવણ કરાવી આપે અગર જાતે ગમે તેને ત્યા ઓળખાણ કાઢી ખાવુ પડે તો પણ દીકરીના સાસુસસરાને લાડવાને બ્હાને પણ બે પાચ કે દશ રૂપીઆ દક્ષિણા આપવી પડે કદાચ એક ગામથી બીજે ગામ જતા રસ્તામા દીકરીના સાસુસસરા વગેરે સગાઓ મળી જાય તો પાસે ગજવામા કઇ ન હોય તો દીકરીના મા, બાપને ભીખ માગીને પણ

વરવાળાના મા, બાપને કઇ રકમ લાડવાને બહાને આપવી પડે આ એક જાતનો જુલમજ કહેવાય એ રીવાજનો તદ્દન નાશ કરવો જોઇએ દીકરીને ઘેર જમવુ નહિ એ રીવાજ અસલ કોઇ સારા હેતુથી પડયો હશે પણ હાલમા તો એનો ગેરઉપયોગ હદ બહાર થવા માંડયો છે માટે ખુશીથી છોકરાવાળાને ત્યા જમવા ખાવાને સ્વીકારવુ અને વરવાળાએ તે બદલ કાંઇજ લેવુ નહિ અરે! કેટલીક વેળા તો છોકરીના સગાન તે ગામમા ભૂખ્યા પણ પડી રહેવુ પડે આ કેટલુ શોચનિય અને દયા ઉપજાવનારુ કાર્ય છે એ તો બંધ પડવુ જ જોઇએ ઉપર જાનને સીધુ આપવાનુ લખ્યુ છે તેના બદલામા છોકરીનુ કન્યાદાન થઇ ગયા પછી આખી જાનના માણસો છોકરીવાળાને ત્યા જમવા આવે તો મારા ધારવા પ્રમાણે કશો વાંધો આવે એમ નથી કેમકે ઘી, ખાંડ, ઘોંટ દાળ, ચોખા મસાલો વગેરે તમામ જાનની રસોઇ લઇ અડચણ ભોગવી જમવુ તેના કરતા છોકરીવાળાને ત્યા જે રસોઇ કરવામા આવે તેમા જાનના માણસ જેટલો વધારો થાય અને જમાય તો હરકત નથી પણ એક વિચાર એવો આવે છે કે જાનવાળા સાથે અનેક વ્યકિતઓ આવે છે અને તે સરખા વિચારની હોતી નથી કદાચ વરના સગા એ વાત કબુલ કરે પણ સાથે આવનારના માથામા મોટાઇ અને દરબારગીરીની વાઇ ભરાએલી હોય તો જાનમા આવેલાઓમા મત ભેદને લઇ કજીઆ કંકાશ થાય આટલાજ માટે ઉપર સીધુ આપવાનુ લખવુ પડયુ છે પણ છોકરીના લગન પછી તેના મા,બાપ અગર સગાઓએ વરવાળાને ત્યા પરોણા તરીકે જઇ જમવાને કબુલ થવુ અને ખાવાના અગર ચા પીવાના બદલામા કંઇ આપવુ અગર માગવુ નહિ ગમે ત્યારે ગમે ત્યા

એકઠા મળાય તે વખતે અરસ પરસ પ્રેમથી મનમાન કરવુ પણ વચમા રૂપીઆને પચાતમા આવવા દેવો નહિ

હવે રડવા કુટવાના રીવાજ પર બે બોલ લખવા ધારૂ છુ આ રીવાજ ઘણોજ અસહ્ય છે જમાઈ અગર દીકરા અગર એવાજ કારી મરણના પ્રસગે હૃદયને જે ઘા લાગ્યો હોય કે તેને રૂઝવવાને બદલે તે ઘા પર ડામ ઉપર ડામ દેવત જાય કે મરદ અને બરાનુ ટોળુ પુરી, ગોળ, અથાણાના ટોપના માથે તે ગામને પાદરે જઈ નામો નાખે છે અને બાઈને આખી રાત ઉજાગરા કરી રડવા કુટવાનુ ચાલુ રહે છે મરનારની પાછળ રડવા કુટવાથી મરણ પામેલા જીવા ત્માને કેટનુ બધુ નુકશાન તેની ઉન્નતિમા કરવામા આવે છે તે લોકો સમજતા નથી અને એ સમજવાને માટેજ " મરણ પછીની હાલત" જેવા પુસ્તકો ગરૂડ પુરાણને બદલે વચાવવા હાલમા સાયન્સ અને સ્પીરીચ્યાલીઝમ જેવા પ્રયોગોથી પશ્ચિમના લોકો મરી ગએલા જીવાત્માની શુ શુ દશા થાય છે તેની શોધો કરી પુસ્તકો લખી બહાર પાડે છે તે તરફ ધ્યાન આપી એ રીવાજને તદ્દન નાબુદજ કરવો જોઈએ મને લાગે છે કે એ રીવાજનો નાશ થવાને હવે વધારે સમય લાગે એમ નથી કારણ કન્યાકેળવણીના પ્રચારની સાથે હાલની કમતાકાત બાળાઓ સુધરેલી હોવાથી અને એ રીવાજ તરફ તિરસ્કાર આવેલો હોવાથી રડવા કુટવામા જે ભાટાઈ શીખવી પડે તે નહિ આવડવાને લીધે હવે બધ થઈ જશે પણ એ સમયના ખરચનો પણ સમૂળો નાશ થવો જોઈએ દાખલા તરીકે ૬૦ વર્ષની ડોશી વિધવા થાય આ વખતે ડોશીના મા, બાપ, ભાઈઓ વગેરે ગુજરી ગયા હોય તો પણ ભાઈના છોકરાને એ અવસરે લુગડા, ચોળી,

અખોટીઆ મોકલવા પડે, રૂપીઆની રકમો વહેંચવી પડે, ગાડીભાડા ખરચવા પડે, કેટલી બધી છોકરીવાળાની કમનસીબી ? આખી જીંદગી નોકર શું પણ છોકરાના છોકરાને પણ દરેક અવસરે છોકરીના સગા વહાલા તરફ તાબેદારી ભોગવી તે તરફજ ધ્યાન આપવું પડે અને પરમેશ્વર તરફના ધ્યાનને તીલાંજલી આપવી પડે છોકરી પરણાવ્યા પછીના પત્રોની ધાસ્તી, મેણાટોણાની ધાસ્તી, જુઠા ગપગોળાની ધાસ્તીથી બિચારા છોકરીવાળા આખી જીંદગી અંધારામાં અથડાયા કરે છે આ સઘળા રીવાજો શું દયા ઉપજાવનારા નથી શું ? માટે મોટા થએલા અને વૃદ્ધાવસ્થાએ પહોચેલા ગૃહસ્થો અને સન્નારીઓ તથા હાલના કેળવણી પામેલા યુવાન સ્ત્રી પુરૂષો આ લખાણમાં બતાવેલા અને મારી જાણ બહાર રહી ગએલા રીવાજ રૂપી સડાને મૂળથી છેદન કરો અને તમામ મનુષ્યમાં પરમાત્મા છે અને તે એકજ છે એક જીવને દુખ થવાથી બીજા જીવને જરૂર દુખ થાય છે એ વાત સમજી વિચારી સ્વાર્થને દુર કરી જ્ઞાતિના બંધુ અને બેનો તરીક ગણી વર્તન કરો જમાનો જુદો આવ્યો છે માટે રીવાજોમાં ફેરફાર થવા જોઈએ જુની ગરેડમાં હવે ગાડું હાકવાનું છોડી નવી ગરેડમાં હાકતા માઠા સુધી થતું હોય તે, ઈશ્વર તેની ભુણી, તથા તમામ જીવો તરફ નજર કરો દુનિયા ક્યાં જાય છે, આપણે કયા સંજોગમાં આવી પડયા છે દુઃખને પોકાર ઘેર ઘેર પડી રહ્યા છે માટે ચેતો અને પ્રભુને યાદ કરો

આ વચના મુજબના તથા બીજા સઘળા જ્ઞાતિને હેરાન કરનારા રીવાજો બંધ કરવાનું કાર્ય પ્રથમ છોકરાવાળાએ ઉપાડવું તેમણે કેમકે એઓ સ્વતંત્ર છે અને તથા નાઈ પણ પ્રકારની

માગણી કરેજ નહિ તો ચાલી શકે છોકરીના મા, બાપ પરતંત્ર છે. અને છોકરાવાળાની મરજી સાચવવા ભગીરથ પ્રયત્ન જીંદગી સુધી કરવાજ પડે છે આ છોકરીવાળાની વીટંબના જેને ફક્ત છોકરાજ હોય તેને સમજાતી નથી જ્ઞાતિના અગ્રાયક બ્રાહ્મણો કહી મોટાઈ લઈએ છીએ ત્યારે દીકરાને પરણાવવાને બ્હાને કન્યાવાળા પાસ આખી જીંદગી માગણીજ કર્યા કરીએ એ શું શરમની વાત નથી?

ભાઈ અનાવિલ પોકારના તંત્રી સાહેબ તમે પોકારમા સૂચના કરો કે આવી રીતના અધમ રીવાજો બંધ કરી હાલના કેટલા યુવાન છોકરાઓ સ્વાશ્રય થઈ પૈસો પેદા કરવાની હીંમત બતાવી લગન કરવા તૈયાર છે તેમના નામ, ગામ, ઉમર અને કેળવણી સાથેની યાદી તેમની સહી સાથે પોકારમા છાપવા મોકલી આપે અને તે તમારે છાપી બહાર મુકવી હાલમા પોકારમા આવતા લેખો વાચતા માલુમ પડે છે કે કોઈ હીમતવાન વ્યક્તિઓ રીવાજોમા ફેરફાર કરી અમલમા મુકતી જાય છે આ પ્રમાણે થવાથી ભવિષ્ય સારૂ નીવડવાની આશા રખાય છે માટે હીમતથી એવા લેખો છાપી ઉત્તેજન આપવાની જરૂર છે માટે વરવાળાએ પોતાની જાતપર "વગમાથી વર થશે" એ સુત્રને અનુસરી સુધારા કરવા જોઈએ અને કન્યાવાળાના આપવાથી અને તે લેવાથી ઘરમા દળદ દાખલ થશે આ વાત સમજવાની જરૂર છે કન્યાવાળા સારી સ્થીતિના હોય અને ખુશીથી જે કંઈ આપે તે લેવાને હરકત નથી પણ સારી સ્થીતિવાળાએ ગરીબોને બચાવવા આવા ખરાબ રીવાજોને દુર કરવા પ્રથમ પ્રયાસ કરવાની પહેલી ફરજ છે કમકે જ્યારે જ્યારે કરેલા ઠરાવોનો અમલ તૂટયો તે પૈસાવાળાઓની મોટાઈને લઈનેજ તૂટેલા છે અને વાકડા વગેરે

ગોવાળે સંધ કરેલા તે પછી એની મોટાઇને નહિ ભરવા મ
એટલે ધાગાઓ તૂટી ગયા અને રોગના ગડાની પેઠે સત્ર વાડામ
ગમે ત્યા નાસવા માડયા અને સુધાગ કરવાને બદલે આજે હદ મહા
કુધાગઓ થઇ પડયા

હાલમા કેળવણી પામેલા સદ્ગૃહસ્થોમા ગણાતા ન્યાત ક
પગણાતના આજ સુધીમા થઇ ગએલી અનુભવેલી સ્થીતિને લઇ ક
વિચાર ધરાવતા જણાય છે કે દેવાઇ અને ભાંકનાનો ભેદ કાઢી નાખ
પરતુ મારાનમ્ર વિચાર પ્રમાણે એ ભેદ કાઢી નાખવાથી પણ ના
હેતુ સફળ થાય એમ નથી કારણકે સાઉ ઘર જોઇ ને વરની
ભાત, મિલ્કત, વય અને નોકરી રોજગારની જોવા જતા એવા કુકુ સત્ર ળાગ
દેશાઇના મગજમા પેઠેલા તેર નગાઇ જશે અને કુળ ન્હાના હેત
અને મોતે ગેના ગાણનાનુ નકતેને અનુસરી ગુજ્યા મનને
અભિમાન નરેલ જો એવા અભિમાન મરાઇ જવાથી નાન્ડો
વનાગ સબક સારા અને તેજ ખાનાગ કુકુમે આજે વાન્ડો મા
ચયા છે અને એવી મેટાઇની ડફાંમો મારતા ફરે છે એ સર્વ જ્ઞાતિ
ભાઇ બહેનોને ખબર છે માટે આ મારા લેખમા વાંકડાનુ નામ નિર
પણ રહેવા દીધુ નથી એ મને તો વાજબી લાગ્યુ છે જેમ ઠ મી રા
નાખુ તો કાળે કરી સજાગ મળવાથી ફણગો ફુટવાની અને ર
મોટુ ઝાડ થવાની આશાઓ રહે છે

ઇગ્લાડ, જરમની જેવા સુધરેલા દેશોમા પણ ફ્રેમગન, લો
અને આમ જેવા પ્રજાના રંગો હાલ હયાતી ભાગવે છે અને એ
રંગો ભવિષ્યમા કાયમજ રહેવાના હાલમા બનાવટી બ્રાહ્મણો, વાણી
વગેરે જાતો બનાવવાનો તેમજ બનાવટી દેસાઇઓ બનાવવાનો પ્રય

ચાલી રહેલો છે એ કયા સુધી ટકી શકશે એનો ખ્યાલ કરવાની જરૂર છે મનાનકી સોનુ, ચાંદી, મોતી, હીરા વગેરે થોડી મુદત સુધી ચળકાટ આપે છે અને આપેલી ગતી પુરી થતા ઝાંખા પડી જાય છે તેમજ આપણે જે ભેદો કાઢી નાખવા માગીએ છીએ એ થોડા સમયને માટેજ સમજવા સમય જતા આપો આપ એવા ભેદો કર્મ અને પુનર્જન્મના કાયદા, મનુષ્યની ઉન્નતિ અને તેના ચારિત્રને નડીને પાછા પડયાજ કરવાના એ ચોકસ પુરાવા મને તો જણાય છે પરંતુ થોડા સમયને માટે એ વિચાર મધ્યમસરનો ગણી શકાય એ વાત ખરી વખતની સાથે એમાં પણ ફેરફાર કરવાને ભવિષ્યની પ્રજાને જરૂર પડશે તો તે એવા ફેરફાર કરી શકશે પણ હાલના સમયને સાચવી લેવાની જરૂર કાંઇ ઓછી અગત્યની નથી.

આ વાડા આપવાના રિવાજને માટે એક દ્દષ્ટાન્ત ચાલુ અત્રે આપવામાં આવે તો તે અસ્થાને ગણાશે નહિ ધારો કે બજારમાં ભીંડાના શાકનો સામાન્ય ભાવ એકઆને શેર છે પરંતુ ભીંડા એકજ દુકાને આશરે બશેર છે અને ત્રણ માણસોને સામટા ભીંડાનું શાક ગમે તે ભોગે ખરીદી ખાવાની ઇચ્છા થઇ ત્રણે જણ લેવા ગયા અને પહેલા ભીંડા વેચનારને પુછયું ભાઇ ભીંડાનો શું ભાવ વેપારીએ એકઆને શેર કહ્યા, ત્યારે બીજો ખરીદનાર કહે હું દોઢઆનો આપું, ત્યારે ત્રીજો કહે હું બે આના શેરના આપું એમ ચડસાચડસી થવાથી ભાવ વધ્યા ગયો અને આખરે ભીંડા જેણે કિંમત વધારે આપી તેણે ખાધા અને બીજાની ઇચ્છા તૃપ્ત થઇ નહિ તેણે નિરાશ થઇ ગમે તે જાતનું શાક ખાઇ લઇ નિવૃત થવાનો છેવટે માર્ગ લીધે આજ સ્થિતિ આપણા વાડા લેનાર વેપારી વરવાળાઓ

અને તેને ખરીદ કરનાર કન્યાવાળાઓની છે માટે વાંકડા શબ્દ જડમૂળથી કાઢી નાખ્યો છે વરકન્યાના વિવાહ જોડતી વખતે બંને પક્ષે આ લેખમા જણાવેલી રીતભાતોને અમલમા મુકવા પ્રથમ ખરા અંતઃકરણની પ્રતિજ્ઞા લેવી અને તેજ પ્રમાણે દ્રઢતાથી અમલ કરતા જવુ અને મોટા અને નાનાનો ભેદ કાઢી નાખી ભ્રાતૃ ભાવથી જોડાઇ જવુ કોઇ પણ જાતના સ્વાર્થને તાબે થવુ નહિ તેજ ખરા લગ્ન થશે અને તેજ ગૃહસ્થ કુળવાન ગણાશે

પુનર્લગ્ન કરાવવાનો વિચાર પણ ચાલી રહ્યો છે તે સબંધમા મારા લેખમા ઉપર કેટલોક ખુલાસો આવી ગયો છે આપણા રીત રીવાજોમા વટતી ડાંડમર કરવાથી હાલમા થોડી કમાઇવાળાઓ મોટા ખરચોથી હડમારો ભોગવતા તનદુરસ્તી મચવાય એવો ખોરાક અને વસ્ત્રો વાપરી શકતા નથી તેમજ પોતાના છોકરાને પણ તનદુરસ્ત રાખી કેળવણી અપાવી શકતા નથી અને અધુરી કેળવણીએ ગમે તા હલકા પ્રકારની નોકરી કરવી પડે છે એટલે ખરચો નિભાવતા સારો પુષ્ટી કારક ખોરાક અને સારા હવા અજવાળા વાળા મકાન તેમજ શરીરનુ રક્ષણ પૂરતા લુગડા મેળવી શકતા નથી અને તેથી વ્યાધિથી પીડાઇ નાની ઉમરમા સ્થૂળ દેહ છોડવો પડે છે આ કારણોને લઇ હાલ વિધવાની સંખ્યામા વધારો થાય છે ને થતો અટકશે વિધવાઓની બાબતમા ઘણી મોટી ત્રુટિ હોવાથી પુનર્લગ્ન કરવાના વિચારને ચારે બાજુથી તપાસવા માટે ગહનબુદ્ધિવાળા અને ગહનવિચારના સાકટ વજન ધરાવનાર ગૃહસ્થોની જરૂર છે અને એવા ગૃહસ્થો જ્ઞાતિમા જ્યા સુધી પેદા થાય નહિ ત્યા સુધી એ સવાલને હાલ પડતો મુકવો મને તો જરૂરી જણાય છે પરંતુ હાલની વિધવાઓને માટે કેળવણીની

સંસ્થાઓ ખોલી ત્યાં શિવણ, ભરત, રાંધણ અને કેલવણી જેવા વિષયો શિખવવામાં આવે તો પોતાના ગુજરાન ચલાવવા જેટલુ પેદા કરી શકે જેજે ન્યાતોમાં નાતરા થાય છે તે તે ન્યાતના માગ ગૃહસ્થોને એ રિવાજના પરીણામ પુછવામાં આવે તો તેઓ એવા રિવાજથી આખી જ્ઞાતિની અને ભવિષ્યની પ્રજાની થઇ ગએલી હાલ હવાલી બતાવ્યા સિવાય ફાયદા બતાવી શકશે નહિ એ વાત મારા જાણવામાં છે માટે એ સવાલ પણ હાલ ચર્ચવો મારા વિચાર પ્રમાણે વ્યાજબી નથી વિધવાઓના પુનર્લગ્ન કરાવવાના ઠરાવને જ્ઞાતિ સંમતિ આપે તો તેવા વિચાર ધરાવનારાઓએ કુંવારી કન્યાઓનો પણ વિચાર કરવાની જરૂર ધ્યાન બહાર રાખવો ન જોઇએ મને અનુભવ છે કે એક મારી સુધરેલી જ્ઞાતિમાં કન્યાઓ પરણવા વયક ઉમરની વધી જવાથી અને વરની સંખ્યા ઓછી અગર કેળવણી લીધા વિના પરણવુ નહિ એવો ફાંકો જુવાનીઆઓના મગજમાં ભરાઇ જવાથી કન્યાના વાલીઓએ કેટલાક વૃદ્ધોને કન્યા આપવાનો રસ્તો લીધો અને એ પ્રમાણે બે ત્રણ વરસમાં કન્યાઓ ઠેકાણે પડી ગઇ માટે મારા સુજ્ઞ જ્ઞાતિભાઇ અને બ્હેનોને એટલાજ વિનતી કરૂં છું કે વિધવાના પોષણનો બંદોબસ્ત કરો એમને ધર્મ અને નીતિનુ શિક્ષણ આપો, સ્ત્રીઉદ્ધારના કાર્યમાં સામેલ કરો, નિરાધાર મા, બાપ વગરના બાળ કોને ખરચો આપી વિધવાઓને સોંપો, વગેરે અનેક કાર્યમાં એમને પ્રવૃત્ત કરવાને યોજનાઓ રચો અને તે અમલમાં મુકો અને હાલના વનિતાવિશ્રામના બે બ્હેનો ગ સ નાનીબ્હેન તથા બાજી બ્હેનના દાખલા લ્યો એ બ્હેનો કેટલો પરિશ્રમ ઉઠાવી રહ્યા છે કેટલુ કામ

ડગી રહ્યા છે એવા આપણી જ્ઞાતિના વિધવા બ્હેનોને કેળવણી આપી બનાવવા પ્રયાસ કરો મારા ધારવા પ્રમાણે આવા રસ્તાઓ યોગ્ય જણાય છે અને તે રસ્તે સુધારકોએ જ્ઞાતિને વાળવાની ઘણીજ અગત્ય મને જણાય છે

અનાવિલ જ્ઞાતિમા થતા સુધારાઓ "પોકાર"મા થોડા થોડા વાચવામા આવતા હોવાથી આગળ જતા ઘણા રીવાજો બધ પડતા જશે અને જ્ઞાતિના ગૃહસ્થો અને સુજ્ઞ બ્હેનો જાગૃત થઇ દ્રઢતાથી, અમલમા મુકવા તૈયાર થતા જશે તેમ તેમ તે જ્ઞાતિની અધારી રાત્રી પુરી થતા પ્રભાતના સુર્યના કિરણો નજરે પડતા જ્ઞાતિ ઉન્નત પામતી જશે અને ઇશ્વર રાજી થઇ જ્ઞાતિના ઉપર આશિરવાદ રેડશે એટલે દરેક કુટુબ, ગામ, અને આખી જ્ઞાતિમા સનાહ સપ, ભ્રાતૃભાવ અને આખરે આનદમા વૃદ્ધિ થશે મહાન જીવો જ્ઞાતિમા અવતરશે અને આખી જ્ઞાતિના સમૂહને ઉચે દરજ્જે ચઢાવવા પ્રયત્ન કરશે પ્રભુ એ સમય જલદી લાવે એવી પ્રાર્થના કરી લેખ બધ કરૂ છુ કઇ પણ અયોગ્ય લખાયુ હોય તેને માટે ક્ષમા માગુ છુ

દેહેલાડવા વાયા સચીન ર્તિક સુદ ૧ બુધ ૧૯૮૧ તા ૨૯–૧૦–૨૪	લા સે **ભીમભાઇ લાલભાઇ**

કર્મની ગતિ ગહન છે.

પદ.

મહિમા કર્મ તણો નિહાળી, જાજો સન્માર્ગે સહુ ચાલી ટેક
કોઈ રંક ને કોઇ રાય છે, કો કાયર કો શૂરો
મનુષ્ય કોઈ છે મૂરખ મોટો, છે કો પંડીત પૂરો—મહિમા
કોઇક સુખીઓ કોઇક દુખીઓ કો હસતો કો રડતો
પુજાએ છે કોઈ પુરૂષને, કો ફોગટ રડવડતો—મહિમા
કો સજ્જન કો દુર્જન જોયા ધર્મી અધર્મી કોઈ,
કો ત્યાગી ને વૈરાગી કો રહ્યા જગતને મોહિ—મહિમા
એમ વિશ્વમાં વિવિધ સ્થિતીઓ, ઉલટી સુલટી વ્યાપિ,
નિયમ રહિત જન જોય જગતને, અણુસમજુ ને પાપી—મહિમા
ભિન્ન પ્રકૃતિ ભિન્ન સ્વભાવો, ભિન્ન ભિન્ન તે ઇચ્છે,
જેવુ ઇચ્છે તેવુ પામે, મરમ વિરલા પ્રીછે—મહિમા
જેવી વૃત્તિ કરણી ઇચ્છા, આવે સધિ તેવી,
સર્વ તણો કરતા જીવ પોતે, વાત માની એ લેવી—મહિમા
નથી બીજ જે રોપ્યા તેના, ફળ તો ક્યાથી મળશે,
પક્ષપાત અન્યાય તણારે, શંકય મનને ટળશે—મહિમા
અસંખ્ય જીવો કેરી કરણી, ગણતા નહિ ગણાએ,
નોધ સર્વની કર્મ કરીને. ટાળે નિર્મળ ન્યાયે—મહિમા
વિશ્વ સત્ય ને ન્યાય તણા રે, ચાલે છે આશ્રયથી,
સર્વ શક્તિ કર્તવ્ય પાળની, જગતપતિના ભયથી—મહિમા
સ્મરણ કરી તે સમરથ પ્રભુનુ, સદાચરણને સેવો
મન માન્યા સુખ મળશે મિથ્યા જનમ ન જાવા દેવો—મહિમા

(હૃદય વિનોદ)

ઈશ્વરનું સર્વ વ્યાપકપણું અને પ્રાર્થ

ગજલ.

ૐ

વિરાજે વ્યોમમા ઉંચે, વળી નિસીમ પાતાળે
વસે તુ પૂર્વ પશ્ચિમે, રહે ઉત્તર દક્ષીણે
દીસે નૈરૂત્ય વાયવ્યે, અને ઈશાન અગ્નિએ,
દશે દિશા પ્રભુ ત્હારો, ગ્રહે વિસ્તાર નવ ન્યારો
વિભુ તુ વિશ્વ વ્યાપી છે, છતા અતર સ્થાપિત છે,
રહી અતસ્થ અતગ્મા, નિરતર તુજ મદિરમા
નમુ તુને ભજુ તુને, અલૌકિક ભાવથી તુને
બીજુ હુ એટલુ માગુ, ત્હને જન અતરે સેવુ
સુતેલાને જગાડુ હું, પડેલાને ઉઠાડુ હુ,
બતાવુ માર્ગ ભુલ્યાને, પ્રીતે દોરૂ હુ અધોને
ગમે તે વર્ણના હોયે, ગમે તે ધર્મ છો પાળે
ગમે તે જાતિના હોયે, સહુ સતાન ત્હારા એ
પિતા સતાન ત્હારા તે, સહોદર સર્વ માહારા છે,
કરી સહુપર અમી દ્રષ્ટી, પ્રભુકર શાતિની વૃષ્ટિ

ૐ શાતિ શાતિ શાતિ

શાતિ સદન
ગોપીપુરા—સુરત } વી હ મહેતા.